RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 266* Date: 23.07.2021 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## સરકાર આજે પણ ખૂલ્લા મનથી ખેડૂતો સાથે વાત કરવા તૈયાર: નરેન્દ્રસિંહ તોમર

ન્યુ દિલ્હી,તા.૨૨

કેન્દ્રીય કૃષિ મંત્રા નરેન્દ્ર સિંહ તોમરે ફરી એક વખત જણાવ્યું કે કે નવો કૃષિ કાયદો ખેડૂતોના હિતમાં છે. બિલની કોઈ પણ જોગવાઈ પર તેમને કોઈ આપત્તિ છે અને તે મુશ્કેલી જણાવશે તો આજે પણ સરકાર ખુલા મનથી તેમની સાથે ચર્ચા કરવા તૈયાર છે. તેમણે સંસદ પરિસરમાં મીડિયાના સવાલો પર આ વાત કહી હતી.

કૃષિ મંત્રી તોમરે કહ્યું- ‘આખો દેશ આ વાતનો સાક્ષી છે કે કાયદો ખેડૂતોના હિતમાં છે. ખેડૂતો માટે લાભદાયી છે. ખેડૂતોને વિકલ્પ આપવામાં આવ્યો છે. તેમના વેતનમાં વધારો કરનાર છે. તેમને કાયદાકીય શકંજામાંથી મુક્ત કરનાર છે. જયાં સુધી ખેડૂત યુનિયનના આંદોલનનો સવાલ છે. સરકારે આખી સંવેદનશીલતાની સાથે તેની ચર્ચા કરી છે. બિલની કોઈ પણ જોગવાઈ પર તેમને આપત્તી છે તો તે જણાવે સરકાર આજે પણ ખુલા મનથી તેમની સાથે ચર્ચા કરવા માટે તૈયાર છે.

તેમણે જણાવ્યું- ‘સામાન્ય રીતે લોકતંત્રમાં કોઈ પણ ચૂંટણીમાં ભાગ લેવો તેની કોઈને પણ આઝાદી આપવામાં આવે છે. પરંતુ હુ તેને હાલ ખેડૂત સમસ્યાઓ સુધી જ જોવું છું. માટે ખેડૂતોની સમસ્યા સાથે સંબંધિત બિલમાં જો કોઈ મુશ્કેલી છે તો સરકાર ચર્ચા કરવા માટે તૈયાર છે.

## પ.બંગાળમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ ટીએમસી સમર્થકોની હત્યાથી ચકચાર

કોલકાત્તા,તા.૨૨

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી ભલે ભારે બહુમતીથી ફરી સીએમ બન્યા હોય પણ ચૂંટણી બાદ ચાલી રહેલી હિંસાને રોકવામાં તેઓ નિષ્ફળ ગયા છે.

જેના પગલે હજી પણ રાજ્યમાં રાજકીય હિંસામાં લોકોનુ લોહી રેડાઈ રહ્યુ છે. લેટેસ્ટ મામલામાં ૨૧ જુલાઈના રોજ શહીદ દિવસની ઉજવણી વચ્ચે ઉત્તારી પરગણા જિલ્લામાં એક ટીએમસી કાર્યકરની ગોળીઓ મારીને હત્યા કરી દેવાઈ છે. ૩૯ વર્ષીય કાર્યરની ઓળખ શુભ્રાજીત દત્ત તરીકે થઈ છે. દરમિયાન હ્ત્યામાં સ્થાનિક બિઝનેસમેન બાબૂલાલનુ નામ આવી રહ્યુ છે.

બુધવારે રાતે આ કાર્યકર પાર્ટી કાર્યાલય પરથી પાછો ફરી રહ્યો હતો ત્યારે બે બાઈક પર આવેલા યુવકોએ પાછળથી તેના પર અંધાધૂધ ફાયરિંગ કર્યુ હતુ. જેના પગલે શુભ્રાજીતનુ સ્થળ પર જ મોત થયુ હતુ. લોકો તરત જ સ્થળ પર દોડી આવ્યા હતા અને તેને હોસ્પિટલ લઈ આવ્યા હતા. જોકે ડોકટરોએ તેને મરેલો જાહેર કર્યો હતો. મળતી વિગતો પ્રમાણે સ્થાનિક કાર્યકરોનો બિઝનેસમેન બાબુલાલ સાથે ઝઘડો થયો હતો. જેમાં તેને ઈજા થઈ હતી અને હાલમાં તે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. ટીએમસી દ્વારા હત્યામાં તેનો હાથ હોવાનો આરોપ લગાવાઈ રહ્યો છે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

# ભારતમાં ત્રીજી લહેરના ભણકારા: ૧૩ રાજ્યોમાં ખતરાની ઘંટડી

### વધુ ૫૦૭ લોકોના મોત નિપજ્યા, એક્ટિવ કેસોમાં વધારો: કેરળ - આંધ્ર અને પૂર્વોત્તર સહિત ૧૩ રાજ્યોમાં વધતા સક્રિય કેસે વધારી ચિંતા



ન્યુ દિલ્હી,તા.૨૨

ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના ગઈકાલે નોંધાયેલા કેસ કરતા સામાન્ય ઘટાડો નોંધાયો છે. જ્યારે મૃત્યુઆંક ઘટીને ફરી એકવાર ૫૦૦ની નજીક પહોંચી ગયા છે. ગઈકાલે દેશમાં કોરોનાથી થયેલા દૈનિક મૃત્યુનો આંક ૩,૯૯૮ સાથે ૪૦૦૦ની એકદમ નજીક પહોંચી ગયો હતો. જોકે, આજે પણ કોરોનાના નવા કેસ કરતા સાજા થયેલા દર્દીઓની સંખ્યા નીચી નોંધાઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૪૧,૩૮૩ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૫૦૭ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની ઘટવાથી એક્ટિવ કેસ ધીમી ગતિએ વધી રહ્યા છે. ગઈકાલે એક્ટિવ કેસની સંખ્યા ૪,૦૭,૧૭૦ હતી જે વધીને આજે ૪,૦૯,૩૯૪ થઈ છે.

પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૩૮,૬૬૨ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે, જ્યારે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૪,૨૯,૩૩૯ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાના કુલ સંક્રમણની સંખ્યા વધીને ૩,૧૨,૫૭,૭૨૦ થઈ ગઈ છે. વધુ ૫૦૭ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૧૮,૯૮૭ થયો છે.

ભારતમાં કોરોનાના રસી અભિયાનને ગતિથી આગળ વધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કુલ વેક્સિનેશન ૪૧,૭૮,૫૧,૧૫૧ પર પહોંચ્યું છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૧ જુલાઈ સુધીમાં કુલ ૪૫,૦૯,૧૧,૭૧૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે વધુ ૧૭,૧૮,૪૩૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

દેશમાં હવે એક્ટિવ કેસ ૪,૦૯,૩૯૪ છે અને મોતનો આંકડો વધીને ૪,૧૮,૯૮૭ પર પહોચી ગયો છે. કુલ વેક્સીનેશનનો આંકડો ૪૧,૭૮,૫૧,૧૫૧ થઇ ગયો છે.

ઉત્તારાખંડમાં ૩૭ નવા કોરોનાના કેસ અને ૧૪ રિકવરી દર્જ કરવામાં આવી છે. કોવિડથી એક પણ મોત થયુ નથી. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર મધ્ય પ્રદેશમાં ૧૫ નવા કોરોનાના કેસ અને ૨૦ રિકવરી દર્જ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮,૧૫૯ નવા કોરોનાના કેસ દર્જ કરવામાં આવ્યા છે, બીજી તરફ ૭,૮૩૯ ડિસ્ચાર્જ અને ૧૬૫ મોત દર્જ કરવામાં આવ્યા છે.

## પેગાસસ જાસૂસી મામલે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ: સોફ્ટવેર ખરીદી પર રોકની માંગ

ન્યુ દિલ્હી,તા.૨૨

પેગાસસ જાસૂસી મામલે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને કોર્ટની નિગરાણીમાં વિશેષ તપાસ ટીમ દ્વારા તપાસ કરાવવાની અને સોફ્ટવેરની ખરીદી પર રોક લગાવવાની માગણી કરાઈ છે.

અરજીમાં ભલામણ કરાઈ છે કે પત્રાકારો, કાર્યકરો, નેતાઓ અને અન્યની ઈઝરાયેલી સ્પાયવેર પેગાસસનો ઉપયોગ કરીને સરકારી એજન્સીઓ દ્વારા કથિત રીતે જાસૂસી કરાવવાના રિપોર્ટ્સની એસઆઈટી દ્વારા તપાસ કરાવવામાં આવે.

વકીલ એમ એલ શર્મા દ્વારા દાખલ થયેલી અરજીમાં કહેવાયું છે કે પેગાસસકાંડ ઊંડી ચિંતાનો વિષય છે અને તે ભારતીય લોકતંત્ર, ન્યાયપાલિકા અને દેશની સુરક્ષા પર ગંભીર હુમલો છે. વ્યાપક સ્તર અને ‘કોઈ પણ જવાબદારી‘ વગર નિગરાણી કરવી ‘નૈતિક રીતે ખોટું‘ છે. તેમણે કહ્યું છે કે સ્પાયવેરનો ઉપયોગ વ્યાપક સ્તરે કરાયો છે.

અરજીકર્તાએ કહ્યું છે કે સર્વિલાન્સ ટેક્નોલોજીનો ઉપયોગ વ્યાપક સ્તરે થઈ રહ્યો છે અને તે વૈશ્વિક સુરક્ષા અને માનવાધિકારનો મુદ્દો છે. તેની દુનિયાભરમાં અસર થઈ છે. પેગાસસ માત્ર સર્વિલાન્સ ટુલ નથી પરંતુ એક સાઈબર હથિયાર છે. જો જાસૂસી કાયદેસર રીતે થઈ રહી હોય તો પણ તે રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ છે. તેમાં કહેવાયું છે ‘પેગાસસ માત્ર નિગરાણી ઉપકરણ નથી. તે એક સાઈબર હથિયાર છે જેને ભારતીય સરકારી તંત્ર વિરુદ્ધ ઉપયોગ કરાઈ રહ્યું છે. ભલે તે એક અધિકૃત રીતે હોય (જેને લઈને સંશય છે) પરંતુ પેગાસસનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ ઊભું કરે છે.‘

અરજીકર્તાએ કહ્યું કે પ્રાઈવસી કઈ છૂપવવાની ઈચ્છા નથી હોતી, તે સ્વયં એવી જગ્યા હોય છે જ્યાં આપણા વિચારો અને આપણા અસ્તિત્વ કોઈ અન્યના ઉદ્દેશ્યોનું સાધન નથી હોતા. આ ગરિમા માટે જરૂરી તત્વ છે.

અરજીમાં કહેવાયું છે કે પેગાસસનો ઉપયોગ ફક્ત વાતચીત સાંભળવા માટે નથી થતો, પરંતુ તેના ઉપયોગથી વ્યક્તિના જીવન વિશે સમગ્ર ડિજિટલ જાણકારી મેળવી લેવામાં આવે છે અને તેનાથી માત્ર ફોનનો માલિક જ અસહાય નથી થતો પરંતુ તેની સંપર્ક સૂચિમાં સામેલ દરેક વ્યક્તિ આવું મહેસૂસ કરે છે.

### દસ કલાકમાં ૬૮.૭૨ મીમી વરસાદથી જળબંબાકારની સ્થિતિ

## ભારે વરસાદને કારણે માયાનગરીના બેહાલ, અનેક વિસ્તારોમાં જાહેર કરાયું રેડ એલર્ટ

મુંબઇ,તા.૨૨

મુંબઇ સહિત મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં બુધવારે પણ ભારે વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ ભારે વરસાદની આશંકાને પગલે ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઇ શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે મહારાષ્ટ્રના જલના, બીડ, નાંદેડ, લાતુર, પરભણી, હિંગોલી, સતારા, પુના, રત્નાગીરી, સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈમાં અવિરત વરસાદને પગલે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરાંત રસ્તાઓ પણ વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતા લોકોએ ભારે હાલકીનો સામનો કરવો પડ્યો હતો.

ઉપરાંત, ભારે વરસાદને પગલે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. શહેરમાં ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા થોડા સમય માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી. ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઇ સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને અનેક શહેરોમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

ભારતીય હવમાન વિભાગના જણાવ્યા મુજબ, ગુરુવારે મુંબઈમાં ભારે વરસાદની આગાહીને પગલે ‘ઓરેંજ એલર્ટ’ જાહેર કરવામાં આવ્યું છે. જે દર્શાવે છે કે શહેરના કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરે છે. ઉલ્લેખનીય છે કે, બુધવારે ભારે વરસાદને કારણે ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા સ્થગિત કરી દેવામાં આવી હતી.

રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે રેલવે સેવા સ્થગિત કરવાની ફરજ પડી હતી. રેલવે પ્રવક્તાએ જણાવ્યું હતું કે, “રેલવે ટ્રેક પર વચ્ચે પાણી ભરાવાના કારણે મધ્ય રેલ્વેના ખારડી અને ઇગતપુરી સ્ટેશનો વચ્ચેની રેલવે સેવા પણ સ્થગિત કરવામાં આવી હતી.

બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે દસ કલાકમાં મુંબઈમાં ૬૮.૭૨૭૨ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ૫૮.૭૫ મીમી અને ૫૮.૨૪ મીમી વરસાદ નોંધાયો હતો.

### ટીએમસી સાંસદે આઇટી મંત્રીના હાથમાંથી સ્ટેટમેન્ટ છીનવી ફાડી નાંખ્યું

## પેગાસસ જાસૂસી કૌભાંડ: રાજ્યસભામાં હોબાળો થતાં કાર્યવાહી સ્થગિત



ન્યુ દિલ્હી,તા.૨૨

મોન્સૂન સત્ર દરમિયાન સાંસદનાં બંને સત્રોમાં હોબાળો યથાવત્ છે. ગુરુવારે વિપક્ષી સાંસદોએ પેગાસસ જાસૂસીકાંડ સહિત બીજા ઘણા મુદ્દાઓ સામે વિરોધપ્રદર્શન કર્યું. પેગાસસ કેસ અંગે રાજ્યસભામાં હોબાળો થતાં ‍ મંત્રી અશ્વિની વૈષ્ણવ પોતાની વાત પૂરી કરી શક્યા નહીં અને તેમને ભાષણ ટૂંકાવવું પડ્યું હતું. આટલું જ નહીં, પરંતુ આ મુદ્દો લેટર ઝૂંટવી લેવા સુધી પહોંચી ગયો હતો.

આઈટી મંત્રી પેગાસસ મુદ્દે પોતાની વાત રજૂ કરવા ઊભા થયા તો મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલના સંસદ શાંતનુ સેને આઈટી મંત્રીના હાથમાંથી સ્ટેટમેન્ટ શીટ ઝૂંટવીને ફાડી દીધી હતી અને તેના ટુકડા હવામાં ઉછાળ્યા હતા. આ દરમિયાન હોબાળા વચ્ચે જ આઈટી મંત્રીએ બોલવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ પોતાની વાત રજૂ કરી શક્યા નહોતા. ત્યાર પછી BJP અને તૃણમૂલના સંસદો વચ્ચે બોલાચાલી થઈ હતી અને મામલો થાળે પાડવા માટે માર્શલને બોલાવવા પડ્યા હતા.

ત્યાર પછી રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી હતી. આ ત્રીજી વખત ગૃહની કાર્યવાહીને સ્થગિત રાખવામાં આવી છે. વહેલી સવારે જ્યારે કાર્યવાહી શરૂ થઈ ત્યારે હંગામો થતાં તે બપોરે ૧૨ વાગ્યા સુધી અને પછી ૨ વાગ્યા સુધી સ્થગિત રાખવી પડી હતી. બીજી તરફ લોકસભાની કાર્યવાહી પણ આજે સાંજે ૪ વાગ્યા સુધી સ્થગિત રાખવામાં આવી છે.

તૃણમૂલ સાંસદની વર્તણૂક પર ભાજપ સાસંદ દાસગુપ્તાએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે ‘સદનમાં અસભ્ય વ્યવહાર થયો છે.‘ મંત્રીના નિવેદન દરમિયાન તમને સવાલ કરવાનો હક છે, પરંતુ ડિબેટની જગ્યાએ ગૃહમાં જે થયું એ શું એક પ્રકારનો ઉપદ્રવ છે? આ તમામ નિયમો વિરુદ્ધ છે. આની નિંદા થવી જોઈએ.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૩૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૬૦૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૫૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૧૬૨**

## પાકિસ્તાનના પૂર્વ રાજદ્દારીની દિકરીની ઇસ્લામાબાદ ખાતે હત્યા કરાઇ

દિલ્હી,તા.૨૨

પાકિસ્તાનમાં અફઘાનિસ્તાનના રાજદૂતની દીકરીના કથિત અપહરણ બાદ હવે ત્યાં પાકિસ્તાનના એક પૂર્વ રાજદ્વારીની દીકરીની ઈસ્લામાબાદ ખાતે હત્યા કરવામાં આવી છે. જાણવા મળ્યા મુજબ શૌકત મુકાદમની દીકરી નૂર મુકાદમ (૨૭ વર્ષ)ની હત્યા થઈ છે. ઈસ્લામાબાદના સેક્ટર એફ-૭/૪ વિસ્તારમાંથી મંગળવારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. શૌકત મુકાદમ દક્ષિણ કોરિયા અને કઝાકિસ્તાનમાં પાકિસ્તાનના રાજદૂત રહી ચુક્યા છે.

તેના થોડા દિવસો પહેલા ઈસ્લામાબાદમાં અફઘાનિસ્તાનના રાજદૂતની દીકરીના કથિત અપહરણને લઈ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ભારે ડિપ્લોમેટિક વિવાદ શરૂ થઈ ગયો હતો.

જાણવા મળ્યા મુજબ નૂરનું મૃત્યુ ગોળી વાગવાથી થયું છે. આ કેસમાં નૂરના એક મિત્રની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરવામાં આવી તે મિત્રનું નામ જહીર જફર છે. નૂર મુકાદમની હત્યા બાદ પાકિસ્તાનમાં રાજદ્વારી મિશન અને તેના કર્મચારીઓની સુરક્ષાને લઈ સવાલો ઉઠી રહ્યા છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાન સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પાકિસ્તાનમાં અફઘાનિસ્તાનના રાજદૂત નજીબુલ્લાહ અલીખિલની ૨૬ વર્ષીય દીકરીના અપહરણની વાત સામે આવી હતી. અફઘાનિસ્તાન વિદેશ કાર્યાલયે રાજદૂતની દીકરીને ઈસ્લામાબાદ ખાતે થોડા સમય માટે અપહ્યત કરીને ટોર્ચર કરવામાં આવી હોવાની માહિતી આપી હતી. તેને લઈ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ડિપ્લોમેટ વિવાદ શરૂ થઈ ગયો હતો. પાકિસ્તાને અફઘાનિસ્તાન દ્વારા લગાવવામાં આવેલા આરોપોનું ખંડન કરીને ઈસ્લામાબાદ પોલીસને કથિત અપહરણના કોઈ પુરાવા નથી મળ્યા તેમ જણાવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# ઓક્સિજન બાબતે સરકાર ભીડાઈઃ કિસાન આંદોલન પ્રશ્ને કુનેહ ભર્યો નિર્ણય....!

દેશમાં ૨૦૨૧ માં ત્રાટકેલ કોરોનાની બીજી લહેર દરમિયાન આરોગ્ય તંત્રની તમામ ઊણપો બહાર જાહેર થઈ હતી. અને તેમાં ઓક્સિજનની અછત સર્જાઈ જેમાં હોસ્પિટલો પણ ચપેટમાં આવી ગઈ હતી અને તેમાં પણ એક હોસ્પિટલના તબીબે તો ઓક્સિજનની અછતનો વિડીયો વાયરલ કર્યો હતો. ઉપરાંત ઓક્સિજન મેળવવા લોકો જ્યાં ઓક્સિજન મળતો હતો ત્યાં લાઈનો લગાવી હતી તો વિદેશથી પણ ઓક્સિજન ની આયાત કરવામાં આવી હતી. અનેક કોરોના દર્દીઓને ઓક્સિજનની જરૂર પડી હતી પરંતુ તે નહી મળતા અનેકોએ જીવ ગુમાવ્યા હતા. ઓક્સિજન માટે ઓક્સિજન કોન્સન્ટ્રેટર વિદેશી મંગાવવા પડ્યા હતા તથા ભારત માટે ૭ હજાર ઓક્સિજન કોન્સન્ટ્રેટર તથા કોરોના ટેસ્ટીંગ મશીનો મેળવીને ભારત સરકારને મોકલાવ્યા હતા. બીજી તરફ દેશના મોટા ભાગના રાજ્યોની સરકારી તેમજ અર્ધ સરકારી હોસ્પિટલમાં ઓક્સિજન કોન્સન્ટ્રેટર ફીટ કરાવવા લાગ્યા હતા. આ બધી બાબતો જગજાહેર હોવા છતાં ભારતમાં લોકસભા ચોમાસુ સત્ર કાર્યરત છે ત્યારે રાજ્યસભામાં કોરોના કાળમાં ઓક્સિજનની અછતને કારણે એક પણ મોત થયું નથી તેવી કેન્દ્રીય મંત્રીએ જાણકારી આપી હતી... જે બાબતે સભ્ય સંજય રાઉતે કહ્યું કે મોદી સરકાર જુઠ્ઠું બોલી રહી છે જેના પર કોર્ટમાં કેસ થવો જોઇએ. ત્યારે આ બાબતે દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે કારણ કોરોનાની ચપેટમાં આવી ગયેલ દર્દીઓના ઓક્સિજન નહીં મળતા મોત થયેલ તે મૃતકોના સ્વજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે અને મોદી સરકારની ઈમેજનો ગ્રાફ પણ નીચે ઉતરી ગયો છે. આ લોકોની સવાલી ચર્ચા છે કે દેશના લોકોને શ્વાસ લેતા નથી આવડતું કે શું.....? હોસ્પિટલમાં દૂધની જેમ ઓક્સિજન ઊભરાતો હતો.....?ખરેખર તો ઓક્સિજનની અછત સર્જાઈ હતી તે હકીકત છે અને દેશભરના લોકો પણ જાણે છે તો પછી મોદી સરકારે આ વાત છૂપાવવાની જરૂરત શું હતી.....?આવું જૂઠાણુ કોઈ નહીં સ્વીકારે. જો કે કેન્દ્રીય મંત્રી લેખીએ બચાવમાં રાજ્ય ઉપર એવું કહીને દોષનો ટોપલો ઢોળી દીધો કે રાજ્યોએ જે પ્રમાણે ઓક્સિજન મંગાવેલ તેટલો પૂરો પાડયો હતો.....! છતાં પ્રજા આ બાબત સ્વિકારવા તૈયાર નથી અને દોષી મોદી સરકારને માની રહી છે.....!

દેશમાં ખેડૂત આંદોલન ગથ વર્ષના ડિસેમ્બર માસથી ચાલી રહ્યું છે. આટલો લાંબા સમયનુ આંદોલન દેશની આઝાદી માટેની લડત પછીનું પ્રથમ આંદોલન છે તેમજ આંદોલન સમય દરમિયાન જે તે રાજ્યમાં યોજાયેલ વિવિધ ચૂંટણીઓમાં ભાજપને નુકસાન થયેલ જે બાબત સમજીને તથા ખેડૂતો સાથે દશેક જેટલી બેઠકો કરવા છતાં ખેડૂતો તેમની માંગ અંગે ટસનામસ થયા નથી અને પોતાની માંગ નવા ત્રણેય કૃષિ કાનુન રદ કરવા માટે સતત આંદોલન ચલાવી રહ્યા છે તે સાથે ચોમાસુ સત્ર દરમિયાન વિરોધ પ્રદર્શન કરવા એલાન આપેલ. જે બાબત મોદી સરકાર સમજી ગઈ કે આમા સંઘર્ષ થાય તો પરિણામો સારા નહીં હોય. તે કારણે સરકારે જંતર મંત્ર ખાતે શરતોને આધીન ૨૦૦ કિસાનો માટે પ્રદર્શન કરવા મંજૂરી આપી છે અને કિસાન નેતા રાકેશ ટિકૈટની આગેવાની હેઠળ આ સ્થળ પર કિસાન સંસદ કરનાર છે.આ સંસદ તા ૧૧ જૂલાઈથી ૯ ઓગષ્ટ સુધી ચલાવશે આ અંગે સરકારે કિસાનોને મંજૂરી આપી છે. બીજી તરફ સીન્ધુ બોર્ડર સરહદે કિસાનો એકઠા થવા લાગ્યા છે. જ્યારે કે ખરેખર તો સરકારે કિસાનો સાથે સંઘર્ષ ટાળવાનો પ્રયાસ કર્યો છે તેમ રાજકીય પંડિતો અને કેટલાક મહાનુભાવોને કહેવુ છે ....આ બધું છતાં સરકારે કુનેહ ભર્યો નિર્ણય કર્યો છે......!

## એમનેસ્ટી ઈન્ટરનેશનલનો યુટર્ન

# નંબરોની યાદી અને સ્પાયવેરના સંબંધનો દાવો કદી નથી કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૨

પેગાસસ જાસુસી મુદ્દે ચાલી રહેલા વિવાદ વચ્ચે હ્યુમન રાઈટ્સ ગ્રુપ એમનેસ્ટી ઈન્ટરનેશનલની સ્પષ્ટતા સામે આવી છે. એમનેસ્ટી દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તેણે કદી એવું નથી કહ્યું કે, તાજેતરમાં જાહેર કરવામાં આવેલી યાદીને એનએસઓ ગ્રુપના પેગાસસ સ્પાયવેરથી ટાર્ગેટ કરવામાં આવી હતી.

કંપનીએ નિવેદનમાં જણાવ્યું કે, જે યાદી સામે આવી છે તે ટાર્ગેટ નહોતા પણ સંભવિત ટાર્ગેટ હોઈ શકતા હતા. કંપનીના કહેવા પ્રમાણે 'એમનેસ્ટી દ્વારા એ સ્પષ્ટ કરવામાં આવે છે કે જે યાદી સામે આવી છે તે સંભવિત ટાર્ગેટ હોઈ શકતા હતા, મતલબ તે એ છે જેના પર એનએસઓ ગ્રુપના સોફ્ટવેરનો ઉપયોગ થઈ શકે છે.'


એમનેસ્ટીના કહેવા પ્રમાણે સંપૂર્ણ યાદીમાં અમુક જ એવા લોકો હતા જેમના પર નજર રાખવામાં આવી હતી, જોકે બાકીનાઓ માટે આ કન્ફર્મ ન કરી શકાય.

ઉલ્લેખનીય છે કે, અનેક આંતરરાષ્ટ્રીય મીડિયા કંપનીઓ, ફોરબિડન સ્ટોરી અને એમનેસ્ટી ઈન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ છાપવામાં આવ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, વિશ્વના આશરે ૫૦,૦૦૦ ફોન હેક કરવામાં આવ્યા હતા. તેમાં પત્રકાર, નેતા, મંત્રી, એક્ટિવિસ્ટ સામેલ હતા. ફોન હેકિંગ માટે ઈઝરાયલની કંપની એનએસઓ ગ્રુપના પેગાસસ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ભારતમાં આ ખુલાસાને લઈ ભારે હોબાળો મચ્યો છે. વિપક્ષ દ્વારા સંસદથી લઈને રસ્તાઓ પર આ મુદ્દો ઉછાળવામાં આવી રહ્યો છે. આ સમગ્ર યાદીમાં આશરે ૩૦૦ ભારતીયો હતા જેમાં રાહુલ ગાંધી, પ્રશાંત કિશોર સહિત અનેક વિપક્ષી નેતા, ૪૦થી વધુ પત્રકારો, મંત્રીઓ અને અન્ય હસ્તિઓને ટાર્ગેટ કરવામાં આવી હતી.

રિપોર્ટ્સમાં કરવામાં આવેલા દાવાને લઈ એનએસઓ ગ્રુપે પહેલેથી જ એવી સ્પષ્ટતા કરી હતી કે, તે સરકારોને ફક્ત આ સોફ્ટવેર ઉપલબ્ધ કરાવે છે, કોઈ પ્રાઈવેટ પ્લેયર્સને નહીં. એનએસઓ ગ્રુપે આ રિપોર્ટ્સને ખોટા ગણાવ્યા હતા. ત્યારે હવે ફ્રાંસ, ઈઝરાયલમાં આ મામલે તપાસ થઈ રહી છે.

# પત્રકારત્વની સફરઃ યાદગાર અંક અને પહેલા તબક્કાની સમાપ્તિ



દિવાળી અંકનું ટાઈટલ કેવું કરવું? સ્ત્રી ખાતર સ્ત્રી મુકવાના ગુજરાતી વિશેષાંકોના ચીલામાં અમે પહેલેથી ન હતા. મારી પાસે જ્યોતીન્દ્ર દવેની કેટલીક તસવીરો હતી. તેમાંથી એકાદ મુકવી એવું નક્કી થયું. પહેલો વિચાર એવો આવે કે યુવાન વયના જ્યોતીન્દ્રની તસવીર કોને આકર્ષે? પણ અમારે એ 'પહેલો વિચાર' કદી કરવાનો ન હતો. ટાઈટલ પર શું મુકવું તે પ્રણવ અને હું જ નક્કી કરતા હતા. તેમાં મનોજભાઈ કદી દખલ કરતા ન હતા. એટલે જુદા પડવા ખાતર જુદાં નહીં, પણ અર્થપૂર્ણ અને વિષયને અનુરૂપ એવાં જુદાં ટાઈટલ 'આરપાર'માં શક્ય બન્યાં. દિવાળી અંકના મુખપૃષ્ઠ પર જ્યોતીન્દ્ર દવેનો કોઈએ ન જોયો હોય એવો યુવાન વયનો ફોટો અને સાથે તેમના હસ્તલિખિત સામયિકમાંથી એક ચિત્ર અને રમુજ—આટલું અમે મુખપૃષ્ઠ પર મુક્યું..

દિવાળી અંકનો એક તોફાની વિભાગ પૅરડીનો હતો. ધારો કે એક છોકરી 'નો એન્ટ્રી'નું બોર્ડ ધરાવતા રોડ પર વાહન લઈને પ્રવેશે છે, ટ્રાફિક પોલીસ તેને રોકે છે, પણ છોકરી તેને સ્માઈલ આપે છે અને દંડ ભર્યા વગર જતી રહે છે.—આ હતી પ્રણવે અને મેં નક્કી કરેલી સિચ્યુએશન. તેની પર કેટલાક ગુજરાતી કટારલેખકો અને બીજા કેટલાક લોકો અછાંદસ કવિતા લખે તો તે કેવી હોય? તેની મસ્તીભરી કલ્પનાઓ આખા દિવાળી અંકના કામ દરમિયાન અમે લડાવતા રહ્યા. કેટલીક પૅરડીમાં બીરેન પણ સામેલ હતો. એ 'કવિતાઓ'માંથી થોડા નમૂના.

ગમ્મત તો એવી થઈ કે પછી હાસ્ય અંકમાં છાપવાની હતી એ સિવાયની પૅરડી પણ અમે ચાલુ કરી દીધી. ઑફિસમાં તંત્રી મનોજ ભીમાણીથી માંડીને કામ કરતા સૌ કોઈની, અમારી પણ, પૅરડી અમે સમય અને લાગ મળે તેમ કરતા ગયા. વિશેષાંક જેવું લાંબું અને ક્યારેક સમયને કારણે તનાવ પેદા કરે એવું કામ કરતી વખતે ઑફિસમાં હળવું-મસ્તીભર્યું વાતાવરણ જળવાઈ રહ્યું, એટલે મઝા બેવડાઈ. તેમાં પ્રણવની અને મારી રમૂજવૃત્તિના મેળનો હિસ્સો ઘણો મોટો હતો. દિવાળી અંકની તૈયારી દરમિયાન પ્રણવને વિચાર આવ્યો હતો કે 'આરપાર'ના પાંચમા વર્ષમાં પ્રવેશ અને વાઘબારસ નિમિત્તે 'હાસ્યબારશ'ની ઉજવણી કરવામાં આવે અને તેમાં દિવાળી અંકનું વિમોચન કરવામાં આવે તો? ત્યાં સુધી એટલું સ્પષ્ટ થઈ ચૂક્યું હતું કે જ્યોતીન્દ્ર દવેનો વિશેષાંક (અમારા બીજા વિશેષાંકોની જેમ) વિશેષ બની રહ્યો હતો અને તે અમારું યાદગાર કામ બની રહે એમ હતો. મનોજભાઈએ તેમના રાબેતા મુજબના ઉત્સાહથી તૈયારી બતાવી. આર્થિક ગણિતો તેમણે ગણી લીધાં હશે, પણ અમારે તેની ચિંતા કરવાની ન હતી. અમદાવાદનો સૌથી સારો ગણાતો ટાગોર હૉલ બુક કરાવવામાં આવ્યો.

અમે વિચાર્યું કે જ્યોતીન્દ્ર દવે વિશેનો અભૂતપૂર્વ અંક કરીએ છીએ, તો આયોજન પણ તે પ્રમાણેનું કરવું. એટલે ચાર મોટા હાસ્યલેખકોને પહેલી વાર અથવા કદાચ દાયકાઓ પછી પહેલી વાર અમે મંચ પર એક સાથે લાવવાનું નક્કી કર્યુંઃ બકુલ ત્રિપાઠી, વિનોદ ભટ્ટ, તારક મહેતા અને રતિલાલ બોરીસાગર. યાદ છે ત્યાં સુધી તેમાંથી બે-એક ઠેકાણે આમંત્રણ આપવા માટે મનોજભાઈ પણ અમારી સાથે આવ્યા હતા. વિનોદભાઈ, તારકભાઈ અને બોરીસાગરસાહેબ સાથે મારે નિકટતા હતી. બકુલભાઈ સાથે સારો એવો પરિચય હતો. તે સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ચૂંટાયા ત્યારે તેમનો ઇન્ટર્વ્યૂ કર્યો હતો. ઉપરાંત, તે મારા હાસ્યલેખનથી પરિચિત હતા અને સ્ટેશને લેવા જવા વિશેનો એક લેખ વાંચીને તેમણે મારો ફોન નંબર શોધીને મને ફોન કર્યો હતો.

'હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી' એ પુસ્તકમાં આગળ બકુલભાઈનું લખાણઃ ઉગીને હવે તો મધ્યાકાશ તરફ ધસી રહેલા હાસ્યકાર સ્ને. ભાઈ ઉર્વીશને- બકુલ ત્રિપાઠી, ૧૮-૧૦-૨૦૦૫'

આમ, જ્યોતીન્દ્ર દવે પ્રત્યેના આદરને કારણે અને મારે તેમની સાથે જે કંઈ સ્નેહસંબંધ હતો તેની રૂએ ચારેય આદરણીય હાસ્યલેખકોએ કશી આનાકાની વિના, ઉત્સાહથી હાસ્યબારશની ઉજવણીમાં આવવાની હા પાડી દીધી.

ઑક્ટોબર ૨૯, ૨૦૦૫ની સાંજે હૉલ છલકાઈ ગયો. ચારેય હાસ્યલેખકો એક સાથે હોય એ શ્રોતાઓ માટે વિશિષ્ટ તક હતી. કાર્યક્રમનું સંચાલન હંમેશની જેમ પ્રણવ અધ્યારુએ સંભાળ્યું. તે ખાસ પ્રકારના પીળા કાગળમાં તેની સ્ક્રીપ્ટ તૈયાર કરતો. પ્રણવનું સંચાલન અમારી પરંપરા પ્રમાણે, સંચાલકસહજ ચાંપલાશ વિનાનું, ચુસ્ત અને નો નૉનસેન્સ રહેતું. કાર્યક્રમમાં સૌથી પહેલાં જ્યોતીન્દ્ર દવેનો અવાજ સંભળાવવામાં આવ્યો. ત્યાર પછી હું અંક વિશે અને ખાસ તો 'આરપાર'માં થઈ શકતા નક્કર પત્રકારત્વ વિશે ટૂંકમાં બોલ્યો. સ્ટાફના લોકો, ઑપરેટર અને પ્યૂનને પણ, યાદ કર્યા. ચારેય હાસ્યલેખકોએ જ્યોતીન્દ્ર દવેની સાખે અને પોતાની રીતે શ્રોતાઓને બહુ મઝા કરાવી. પરંતુ એક બાબતમાં તે ચારેયનો સૂર સરખો હતોઃ આ અંકમાં પ્રગટ થયેલી ઘણી માહિતી તેમના માટે પણ અજાણી હતી. બકુલ ત્રિપાઠીએ કહ્યું કે 'જોક્સના જ્યોતીન્દ્ર વિશે બહુ બોલાયું છે, પણ 'આરપારે' મનુષ્ય જ્યોતીન્દ્રનાં કેટલાંક સાવ અજાણ્યાં પાસાંનો પરિચય કરાવ્યો છે. એટલે હું 'આરપાર'ના જ્યોતીન્દ્ર વિશે બોલીશ.' બોરીસાગરસાહેબે કહ્યું,'જ્યોતીન્દ્ર દવેનો મેં ઠીક ઠીક અભ્યાસ કર્યો હોવા છતાં 'આરપાર'ના અંકમાં પ્રગટ થયેલી ૯૦ ટકા સામગ્રી એવી છે, જે મેં આ પહેલાં કદી વાંચી ન હતી.' તારકભાઈએ તો પોડિયમ પાસે પહોંચીને બોલવાની શરૂઆત કરતાં પહેલાં, 'ક્યાં ગયો ઉર્વીશ' એમ મોટેથી કહીને મને ધરાર તેમની પાસે બોલાવ્યો.

નક્કી થયા પ્રમાણે, પ્રણવ સંચાલનમાં વચ્ચે વચ્ચે દિવાળી અંકમાં અમે કરેલી પૅરડી વાંચતો હતો. તેમાંની એક પૅરડી અમદાવાદના બોપલમાં રહેતા અને 'ગુજરાત સમાચાર'ની 'નેટવર્ક' કોલમમાં મીડાનો ભરપૂર ઉપયોગ કરતા ગુણવંત છો. શાહની હતી. તેમનું ઉપનામ રખાયું હતું 'શૂન્ય બોપલપુરી'. કાર્યક્રમ પછી ગુ.છો.ને પૅરડી અને ખાસ તો તેમના ઉપનામ વિશે જાણ થઈ, ત્યારે તેમણે પણ એ ગમ્મતનો આનંદ લીધો હતો. ઑડિયન્સમાં શાહબુદ્દીન રાઠોડ પણ બેઠા હતા. મંચ પર હાસ્યકારોની અભૂતપૂર્વ યુતિ થઈ હોય ત્યારે તે ઝાલ્યા રહે? નક્કી થયેલાં વક્તવ્યો પૂરાં થયા પછી તે પણ મંચ પર આવ્યા અને તેમની અનેક વાર માણેલી, છતાં અનેક વાર માણી શકાય એવી રમૂજો સંભળાવી.

બધું સરસ ચાલી રહ્યું હતું. કાર્યક્રમ કલ્પનાતીત રીતે સફળ થયો હતો. ચાર આદરણીય હાસ્યલેખકોએ અંકનાં અઢળક વખાણ કર્યાં હતાં. તે સાંભળીને ખરેખર તો પરમ આનંદની લાગણી થવી જોઈએ. પણ તે લાગણીની સમાંતરે મને અને પ્રણવને પોતપોતાની જગ્યાએ થોડો મૂંઝારો થતો હતો. ચારેય વડીલો અંકની સામગ્રીનાં અને આવી અભૂતપૂર્વ સામગ્રી લાવવા બદલ મારાં વખાણ કરતા હતા, ત્યારે મને મનમાં કંઈક અસુખ લાગતું હતું. એવો વિચાર આવતો હતો કે મારાં આટલાં વખાણ મનોજભાઈ યોગ્ય રીતે લઈ શકશે? હું તેમનો કર્મચારી ન હતો. છતાં, કર્મચારીથી પણ વધારે નિકટતાથી સંકળાયેલો હતો.

કાર્યક્રમ પહેલાં પ્રણવે અને મેં બેસીને 'આરપાર' માટે બહુ આગોતરું આયોજન વિચાર્યું હતું. ૨૦૦૯માં ગુજરાત પચાસમા વર્ષમાં પ્રવેશે તે નિમિત્તે અગાઉથી કેવાં કામ અને કોની પાસે કરાવી શકાય, તેની એક યાદી અમે મનોજભાઈની સાથે બેસીને તૈયાર કરી હતી. સતત સારી સામગ્રી પછી જ્યોતીન્દ્ર દવે વિશેષાંક-હાસ્યબારસ થકી 'આરપાર' કૂદકો મારીને ઉપલી ભ્રમણકક્ષામાં પહોંચે એવી પૂરેપૂરી તક હતી. એટલે ભાવિ આયોજનની કેટલીક વિગત મનોજભાઈ તેમના પ્રવચનમાં જાહેર કરે એવું નક્કી થયું હતું. પરંતુ તેમણે એવી કશી જાહેરાત ન કરી. તેથી મારી શંકા દૃઢ બની.

મારી સમજ પ્રમાણે, તેમણે અમારી પ્રશંસાથી દુઃખી થવાપણું ન હોય. કારણ કે આવા કાર્યક્રમોમાં હું હંમેશાં 'આરપાર'ના પ્રતિનિધિ તરીકે રજૂ થતો અને 'આરપાર'ના પત્રકારત્વની, તેના અનોખા વિશેષાંકોની, તેમાં મળતી મોકળાશની વાત કરતો હતો. તેમાં કશી બનાવટ પણ ન હતી. ટૅક્નિકલ રીતે 'આરપાર'નો કર્મચારી ન હોવા છતાં હું મારી જાતને તેનાથી અલગ ગણતો ન હતો. 'સરદારઃ સાચો માણસ, સાચી વાત' પુસ્તકનો હું લેખક હતો. છતાં, તેનું નિર્માણ અને પ્રકાશન મેં 'આરપાર' વતી જ કર્યું હતું. તે કામમાં મેં મારી જાતને ફક્ત લેખક તરીકે જોવાને બદલે, તેના પ્રકાશક તરીકે પણ જોઈ હતી. એ જ કારણથી મેં તે પુસ્તકની રૉયલ્ટી કે અલગ પુરસ્કારની માગણી કરી ન હતી. તેનો લેશમાત્ર રંજ કદી નથી થયો ને ફરિયાદ તો જરા પણ નહીં. કારણ કે, તે પુસ્તક જે રીતે થઈ શક્યું તેનું મહત્ત્વ મારે મન સૌથી મોટું હતું. પણ આટલું લખવાનું કારણ એ કે હું 'આરપાર'થી અલગ નથી, એવો મારો ખ્યાલ હતો. તેથી મારી પ્રશંસા થાય, તો તેમાં 'આરપાર'ની પ્રશંસા સામેલ જ હોય, એવું હું ગણતો હતો.

મનોજભાઈને શું લાગ્યું હશે એ તો જાણતો નથી. કારણ કે એ વિશે કદી વાત થઈ નહીં. પણ હાસ્યબારસના અત્યંત સફળ કાર્યક્રમ પછી, દિવાળી પછીના નવા વર્ષથી-નવા અંકથી વ્યવહારમાં જોઈ ન શકાય, છતાં અનુભવી શકાય એવું હળવું અસુખ વર્તાવા લાગ્યું. તેનું એક ચિહ્ન એ હતું કે નિયમિત રીતે દર મહિને મળતી રકમમાં વિલંબ થવા લાગ્યો. સવાલ ફક્ત આર્થિક વિલંબનો હોત તો તેમાં વાંધો ન હતો, પણ મને તે મુખ્ય સમસ્યા નહી, સમસ્યાનું બાહ્ય લક્ષણ હોય એવું લાગ્યું. ચોક્કસ કારણ તો જાણતો નથી, પણ સામયિક સાથે પારસ્પરિક પોતીકાપણાનું અને સામયિકમાં સહિયારાપણાનું તત્ત્વ ઉડી જતું જણાયું.

કશું બન્યું હોય તો તેના વિશે ચર્ચા કરીને નીવેડો લાવી શકાય, પણ કશું થયા વિના વાતાવરણ બદલાઈ જાય તો? તેમાં વાટાઘાટો કે વાતચીતથી કશું નીપજતું નથી. જેટલું થયું તેના માટે આનંદ-આભાર વ્યક્ત કરીને છૂટા પડવાનું જ રહે છે. હું એ દિશામાં જ વિચારી રહ્યો હતો, ત્યાં એક દિવસ પ્રકાશ ન. શાહનો ફોન આવ્યો.

પ્રકાશભાઈ સાથે મારો પરિચય સાવ મર્યાદિત. હું 'નિરીક્ષક'નો વાચક પણ નહીં. 'સરદારઃ સાચો માણસ, સાચી વાત' વાંચ્યા પછી પ્રકાશભાઈનો પ્રસન્નતા વ્યક્ત કરતો ફોન આવ્યો, ત્યારે મને આનંદની સાથોસાથ નવાઈ લાગી હતી. 'આરપાર'માં 'વિમર્શ' નામે ચર્ચાસભા જેવું શરૂ થયું હતું. તેમાં રઘુવીર ચૌધરી અને પ્રકાશભાઈ બે-એક વાર આવ્યા હતા. પરંતુ તે 'આરપાર'ના અંકો-વિશેષાંકો ઝીણવટથી જોતા હશે. એ રીતે તેમને મારા કામનો પરિચય થયો હશે. એટલે એક દિવસ હું 'નવસર્જન'માં બેઠો હતો અને તેમણે ફોન કરીને પૂછ્યું કે 'દિવ્ય ભાસ્કર'માં જોડાવામાં રસ પડે?

'દિવ્ય ભાસ્કર'માં ત્યારે આકાર પટેલ મુંબઈથી ગ્રુપ એડિટર તરીકે જોડાયા હતા અને અમદાવાદ આવ્યા હતા. આકારનો મને કશો પરિચય નહીં. એટલું સાંભળ્યું હતું કે તે અંગ્રેજી 'મિડ ડે'ના એડિટર હતા. પ્રકાશભાઈએ કહ્યું કે આકાર 'દિવ્ય ભાસ્કર'માં 'ઑપ-એડ' પાનું શરૂ કરવા માગતા હતા અને તે પાનું કરી શકે એવા કોઈ 'ઑપ-એડ કલાકાર'ની શોધમાં હતા. 'ઇન્ડિયન એક્સપ્રેસ' અને 'હિંદુ' જેવાં અખબારોમાં અખબારોમાં 'ઑપ-એડ' પાનું વિશ્લેષણ અને ટીકાટીપ્પણીની ઉત્તમ વાચનસામગ્રી આપતું હોય છે. 'ઑપ-એડ'નું આખું નામ છે ઑપોઝિટ ધ એડિટોરિયલ પેજ. ત્યાં મુખ્યત્વે અભિપ્રાયાત્મક અને કંઈક અંશે મૅગેઝીન શૈલીના લેખ પણ આવતા હોય છે.

પ્રકાશભાઈએ મને પૂછ્યું ત્યારે હું પણ પૂરું સમજ્યો ન હતો કે 'ઑપ-એડ'માં ખરેખર મારે શું કરવાનું હશે. એટલું સમજાયું કે વિવિધ બનાવો વિશે અથવા વિષયો અંગે ખાસ લેખ અથવા ખાસ પાનું તૈયાર કરવાનું કામ હોઈ શકે. મૅગેઝીન પ્રકારનું લખાણ હું સરસ આપી શકું, તેમાં કશી અવઢવ ન હતી. પણ એક અડચણ હતી. મારાં કટિંગ અને પુસ્તકો જેવી બધી સંદર્ભ સામગ્રી મહેમદાવાદ હોય અને 'ઑપ-એડ' પાના માટેનો વિષય અમદાવાદ પહોંચ્યા પછી નક્કી થાય. ત્યાર પછી કટિંગ લેવા માટે મહેમદાવાદ જઈ શકાય નહીં. ઈન્ટરનેટ હાજરાહજૂર હતું, પણ તેની પર મળતી સામગ્રીની મર્યાદા હતી. જોઈએ તે મળી જ જાય, એવું ૨૦૦૬માં ન હતું. એટલે તેનો ટેકો ખરો, પણ ભરોસો કેટલો મુકાય એની ખબર નહીં.

બીજી અડચણ એ હતી કે ૨૦૦૧માં 'સંદેશ'ની નોકરી છોડ્યા પછી મેં કોઈ પણ ઠેકાણે ફુલ ટાઇમ કામ નહીં કરવાનું નક્કી કર્યું હતું—અને એ નિર્ણયને શક્ય હોય ત્યાં સુધી વળગી રહેવું, એ નક્કી હતું. સાથોસાથ, 'આરપાર' સાથેનાં યાદગાર સમયગાળાનો છેડો આવ્યો જણાતો હતો. એટલે કશી બાંહેધરી વિના, વિકલ્પો ખુલ્લા રાખીને હું 'દિવ્ય ભાસ્કર'ની ઑફિસે પહોંચ્યો.

'દિવ્ય ભાસ્કર'ની તે મારી પહેલી મુલાકાત હતી. એસ.જી. હાઇ વે પરની તેની ઑફિસના તંત્રીવિભાગમાં સૌથી મોટી કેબિનમાં આકાર પટેલ બેઠા હતા. લગભગ મારા જ વયજૂથના હશે, પણ ઊંચાઈ અને દેખાવને કારણે થોડા મોટા લાગે. પ્રકાશભાઈ મને તેમની પાસે લઈ ગયા. ઈન્ટર્વ્યૂ તો ઠીક, મારા જૂના કામ વિશે પણ તેમણે કશું પૂછ્યું નહીં. પ્રકાશભાઈએ તેમને જાણવાજોગ જણાવી દીધું હશે અને આમ પણ આકાર ઓછું બોલતા-બને એટલું ટૂંકમાં પતાવતા. સાધારણ વાત કર્યા પછી તેમણે કહ્યું કે 'અજયને મળી લે. તને લેટર વગેરે આપી દેશે.'

બાજુની કેબિનમાં અમદાવાદ આવૃત્તિના તંત્રી અજય ઉમટ બેઠા હતા. હું તેમને મળ્યો. તેમણે મારી સમક્ષ પગારનો એક આંકડો પાડ્યો, જે મને ઘણો મજબૂત લાગ્યો. 'આરપાર'માંથી જે મળતું હતું અને 'નવસર્જન'માંથી હું જે લેતો હતો, તેના સરવાળાના લગભગ ત્રણ ગણા. પણ મેં ફુલ ટાઇમ કામ કરવાની અનિચ્છા બતાવી અને કહ્યું, 'ચાર કલાક અને અમુક રૂપિયા.' તે રકમ તેમણે કહેલા આંકડા કરતાં અડધી હતી, પણ મને જે મળતા હતા તેના કરતાં ખાસ્સી વધારે. તેમણે કહ્યું કે 'તારી મરજી. બંને વિકલ્પ ખુલ્લા છે.' આ ઉપરાંત હાજરી નહીં પુરવાની મારી શરત તો ખરી જ. એટલે અપોઇન્ટમૅન્ટ લેટર પણ સ્ટાફર તરીકેનો નહીં, કન્ટ્રીબ્યુટર તરીકેનો જ મેં માગ્યો.

આમ ફેબ્રુઆરી, ૨૦૦૬થી 'દિવ્ય ભાસ્કર'માં મારા પત્રકારત્વનો બીજો તબક્કો શરૂ થયો. આ તબક્કામાં ૨૦૦૬-૦૭માં 'દિવ્ય ભાસ્કર', ડિસેમ્બર, ૨૦૦૭થી જૂન, ૨૦૧૫ સુધી 'ગુજરાત સમાચાર' અને ફરી જુલાઇ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૮ સુધી 'દિવ્ય ભાસ્કર' એમ ત્રણ ભાગ થયા. આ બીજા તબક્કામાં દરેક વખતે હું હાજરીના બંધનથી મુક્ત, કર્મચારી હોવાનાં બંધનોથી મુક્ત, કર્મચારીને મળતી સલામતી અને નાનામોટા લાભ (પીએફ વગેરે)થી મુક્ત રહ્યો. તેનાથી મને ગમતું બીજું ઘણું હું કરી શક્યો. મેં એવું પણ નક્કી કર્યું હતું કે બીજા તબક્કામાં અનિવાર્ય સંજોગો સિવાય હું પેજિંગના—પાનાં ડીઝાઇન કરાવવાના—કામમાં નહીં પડું. બીજું એ નક્કી કર્યું હતું કે હું મિટિંગોમાં નહીં જાઉં. આ બધાં કારણથી, છાપાની ઑફિસમાં જઈને કામ કરવા છતાં, છાપાના તંત્ર સાથેનું મારું જોડાણ અત્યંત મર્યાદિત રહ્યું. પરિણામે, પહેલાં ૧૦ વર્ષ (૧૯૯૫-૨૦૦૫)ની સરખામણીમાં પછીનાં બાર વર્ષ (૨૦૦૬-૨૦૧૮) વિશે બહુ લખવાનું નથી—અને સોશિયલ મિડીયા પર પરિચયમાં આવેલા ઘણાખરા લોકો મારા પછીના બાર વર્ષના કોલમલેખન વિશે જ વધુ જાણે છે.

વધુ અનુસંધાન ત્રીજા પાને




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય, રચના
વિષય : " મોક્ષ - માયા,, પ્રાણ - પ્રકૃતિ "
વિષયક રચનાઓ. દિવસ - ૫ (૨૩-૭-૨૦૨૧)

www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

-----------------------------------------------

NOG SS No - 0080
વિષય -મોક્ષ માયા
શીર્ષક - છાયા રે (પદ્ય )

આ જીવન એક ખારા સમદરની છાયા રે...
મારું તારું મેલ અટપટા ખેલની માયા રે...
ભીતરનો જોગી જો જાગે રે
માંહ્યલો અંતરનો તો તાગે રે
છોને બાઝેલા અહંકારના ઓછાયા રે
આ જીવન એક ખારા સમદરની માયા રે..
બગભગત ચંચુ મારીને ભાગે રે
જગજીવન જોને જુગતે જાગે રે
કાચકડાનો પરપોટો છે કાચની કાયા રે..
આ જીવન એક ખારા સમદરની છાયા રે..
મારાં તારાનું વળ તું તોડને રે
માયાનું ફંદાનું બંધન છોડને રે..
અબ શરણ લે મનવા ચરણ પ્રભુરાયા રે...
આ જીવન એક ખારા સમદરની છાયા રે..

વર્ષા જાની, ભાવનગર

-----------------------------------------------

NOG SS NO. -0036
વિષય - મોક્ષ-માયા
શીર્ષક - માયા(પદ્ય)
માયા

સર્જાય માયા ને પડકાર ઘૂંટાય ભીતર;
જીજીવિષાએ શ્વાસ પોષાય ભીતર...
ધરબેલી તમન્નાનાં ઊઠે છે વમળો;
જો કૂંપળ ફૂટે તો ઉજવાય ભીતર...
ડૂબવું જ હોય તો એને તારવાનું કોણ?
માયા તરકટ રચે સચવાય ભીતર...
જિંદગી કરાવે અજબગજબનાં ખેલ;
અંતરે અજવાળા પડઘાય ભીતર...
ચહેરા પર ચહેરો છવાઈ જાય ને;
ખણકતા ખજાના લપેટાય ભીતર...
છેડયું છે જ્ઞાન ગીતાનું નિમિત્ત માત્રથી;
પૂછે દિલને ગમતાં પડકારાય ભીતર...

અરૂણાબેન ત્રિવેદી, અમદાવાદ

-----------------------------------------------

NOG SS NO : 0089
પ્રકારઃ પદ્ય
વિષયઃ મોક્ષ માયા-પ્રાણ પૃકૃતિ
શીર્ષકઃ "માયા "
રેખા શુકલઃ અમેરિકા

ઓઢવાને દઇ ઉદાસી કેટલું હરખાય છે !
હું ઉભી છું જ્યાં, જગત સાચે મને સમજાય છે !
પહેરવાને શ્વાસ તપાસી એટલું પરખાય છે !
હું બેઠી છું ત્યાં, સતત રોજ મને જ સમજાય છે !
છૂટશે નહીં માયા છે જ્યાં સુધી હૈયું ગભરાય છે!
અતિ લોભ પાપનું મૂળ પાડોશી પસ્તાય છે !
શેઠની શિખામણ ઝાંપલી સુધી એમ કહેવાય છે!
પરાણે કરે પ્રીત ના કરાય અફવા કહેવાય છે!
પ્રાણ જાય ત્યારે જાય પૃકૃતિ મારી મન જીવાય છે!
વાહ વાહ જે થઇ આગ ની દાહ અશૃ દેવાય છે!

રેખા શુકલ.અમેરિકા

-----------------------------------------------

NOG SS No :0101
પ્રકારઃપદ્ય
વિષયઃ મોક્ષ-માયા-પ્રાણ-પ્રકૃતિ
શીર્ષકઃ સંસાર અસાર છે .
રચના : ભરત સાંગાણી

વામ હસ્તે ઠાકોરજીએ વગાડી કોરોના ઘંટડી
લૌકિક ભૂલી સૌએ પકડી નિજ ઘરની વાટડી
સમજાયું આત્મા ઉદ્ધાર માટે છે નિત્ય સત્સંગ સખડી
સૌ બેઠાં ઘરમાં પ્રભુ સમીપ બંધ કરી હાટડી
ભક્તિ ખીલવવા શ્રીજીએ કર્યો ખેલ જબરદસ્ત
સમજાવ્યું સંસાર છે અસાર સંબંધો માયાગ્રસ્ત
માણો કુટુંબસહ ભક્તિ સંગ તે સાચી નિધિ
અહંકાર શૂન્ય બનાવે હરિભક્તિ તે સાચી વિધિ
શ્રુતિ ચિંતનના રસમાં રણકે મિલનની ઘંટડી
દાસ ભરતને સમર્પણની સમજણ સાચી સાંપડી

( રચનાઃ ભરત સાંગાણી )

-----------------------------------------------

NOG SS NO :- 0090
પ્રકારઃ પદ્ય
વિષયઃ પ્રકૃતિ
શીર્ષકઃ પ્રકૃતિ/હાઇકૂ કાવ્યો /દીપક જગતાપ

(૧)
વેરાયો ચાંદ
પૃથ્વીના મલકમાં
ચાંદ પ્રકાશ

(૨)
ચાંદની રાત
તારે મઢી છે આજ
ચમકે ફૂલ

(૩)
મેઘલી રાતે
વીજનો ચમકારો
હૈયુ ચોમાસુ

(૪)
મેઘલી રાતે
તારલાઓ ગાયબ
વાદળ કાળા

(૫)
ધરા રૂપેરી
કોરોના વાઇરસ
થી અભડાઈ

(૬)
નંદનવન
ભાસતી લીલવર્ણી
ધરા આપણી

-દીપક જગતાપ



કરછ ભુજ જિલ્લાના લખપત તાલુકાનું સોનલનગર (વર્માનાગર પાંદરો) માં ક્પુરાસી ના સરપંચ ,બ્રહ્મ સમાજ ના અગ્રણી ભાજપ ના યુવા મોરચા ના નેતા સહિત ૫૦ થી વધારે આગેવાનો આજે ઇસુદાનભાઈ ગઢવી ના હાથે ખેસ ધારણ કરાવી જોડવામાં આવ્યા .જેમાં પ્રદેસ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરી.પ્રદેસ નેતા વિજયભાઈ સુવાડા,પ્રવીણ રામ ,રમેશભાઇ નાભાણી ,કે.કે.અન્સારી.રોહિત ભાઈ ગૌર સાથે મોટી સંખ્યામાં હાજર રહ્યા

જન સંવેદના મુલાકાત

# કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ની મુલાકાત કરતા DDO....



પ્રાપ્તવિગતો મુજબ બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે એ અચાનક જ કાંકરેજ તાલુકા ની મુલાકાત લેતાં અનેક તર્ક વિતર્કો સર્જાયા હતા ત્યારે તેમણે પ્રથમ વખત કાંકરેજ તાલુકામાં આવેલ ખીમાણા ઝઉઁઝ ની મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ શિહોરી સરકારી હોસ્પિટલ ની મુલાકાત લીધી હતી જેમાં ડોકટર ડી એન પરમાર અને ડીડીઓ સાથે લોકોના આરોગ્ય ની ચિંતા કરીને કોરોના કટોકટીમાં સંકટમોચન તરીકે ફરજ બજાવતા આરોગ્ય વિભાગ ના કર્મચારીઓ ને ત્રીજી લહેર માં સતર્ક રહેવા સુચના આપી ને શુભેચ્છા પાઠવી હતી ત્યારબાદ કાંકરેજ તાલુકા પંચાયત કચેરી માં પહોંચ્યા હતા જ્યાં જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે નું કુમકુમ તિલક કરી ને સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારે તાલુકા વિકાસ અધિકારી રમીલાબેન પરમાર સતત ડીડીઓ સાથે રહીને કામ ની સમીક્ષા કરી હતી જેમાં પંચાયત વિભાગ. બાંધકામ વિભાગ.પી. એમ. એ. વાય. શિક્ષણ વિભાગ. મનરેગા. તેમજ શૌચાલય અને મીશન મંગલમ ની મુલાકાત લીધી હતી જેમાં દરેક ડિપાર્ટમેન્ટ કર્મચારીઓ વિગતવાર અહેવાલ અનુસાર કામગીરી હાથ ધરવાની સમજદારી પૂર્વક સુચના આપવામાં આવી હતી જોકે પંદરમા નાણાં પંચ ની રકમ અગાઉ પણ કાંકરેજ તાલુકા સરપંચ યુનિયન દ્વારા કાંકરેજ મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપી ને પડતર પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી ત્યારે હવે તાત્કાલિક ધોરણે અચાનક મુલાકાત ને લઈ કોન્ટ્રાકટર અને લાભાર્થીઓ માટે રાહતના સમાચાર મળ્યા છે ત્યારે હવે પ્રીમોનસુન ચોમાસુ કેવું રહેશે. અને કાંકરેજ તાલુકા માં વિકાસ કામો માં તેમજ રોયલ્ટી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તેમાં કોઈ ભ્રષ્ટાચાર થયો છે કે નહિ તે હવે જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ કરવામાં આવે તેવી લોક લાગણી પ્રસરી જવા પામી છે..

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# પત્રકારત્વની સફરઃ યાદગાર અંક અને પહેલા તબક્કાની સમાપ્તિ

અનુસંધાન બીજા પાનાનું ચાલુ

'દિવ્ય ભાસ્કર'માં ૨૦૦૬-૦૭ના સમયગાળામાં એવો યોગાનુયોગ બની આવ્યો, જ્યારે પ્રશાંત દયાળ જેવા જૂના મિત્રો અને રાજેશ શર્મા જેવા જૂના સહકર્મીઓ ફરી એક વાર મળ્યા. 'દૈનિક ભાસ્કર' જૂથના માસિક 'અહા જિંદગી'ના સંપાદક તરીકે મુંબઈમાં કામ કરતા દીપક સોલિયા છ મહિના માટે પૂર્તિ સંપાદક તરીકે અમદાવાદ આવ્યા. અમે બુધવારની પૂર્તિને સાવ એકડે એકથી 'અસ્મિતા' પૂર્તિ તરીકે તૈયાર કરવાનો પ્રયાસ કરી જોયો. તેની છાપી શકાય એવી ફાઈનલ ડમી બનાવી. તેના કામ માટે વિજયસિંહ પરમાર અને જયેશ અધ્યારુને 'દિવ્ય ભાસ્કર'માં લાવીને અમારી ટીમમાં સામેલ કર્યા. રવિવારની પૂર્તિમાં એક આખું પાનું હાસ્યનું શી રીતે થઈ શકે તેનું આયોજન કર્યું. નીલેશ રૂપાપરાની નવલકથા મેળવવા માટે પ્રયાસ કર્યો. પરંતુ તેમાંનું કશું જ થઈ શક્યું નહીં. આકાર પટેલે દીપક સોલિયાને અને મને પહેલી વાર તંત્રીપાને કોલમ લખતા કર્યા. મારી પાસે તેમણે મિડીયા વૉચની એટલે કે ગુજરાતી છાપાંમાં જે લખાય છે તેના વિશે ટીપ્પણી કરતી કોલમ લખાવી. આકાર પટેલનો બિનપરંપરાગત—અને ક્યારેક અસંમત થવાય એવો અંદાજ મને ગમતો હતો અને ગુજરાતી પત્રકારત્વ માટે ઉપકારક હતો. પણ તે ઘણાને ન ફાવ્યો. કદાચ માલિકોને પણ. એટલે તે પૂરું એક વર્ષ પણ ન રહી શક્યા. તે બધી વાતો બીજા તબક્કાની છે અને તે પણ થોડીક. ત્યાર પછી એવી વાતો ખાસ નથી. એટલે મારા પત્રકારત્વના પહેલા તબક્કાની સમાપ્તિ સાથે આ સફરનામું પૂરું કરું છું.

સપ્ટેમ્બર ૧, ૨૦૨૦ના રોજ આ શ્રેણી લખવાની શરૂઆત કરી ત્યારે તેના સ્વરૂપનો કશો ખ્યાલ ન હતો. એમ હતું કે લખવા-વાંચવાનાં પચીસ વર્ષમાં કેટલું કામ થયું તેની એક કાચી નોંધ બની જાય તો ઘણું. પણ શરૂ કર્યા પછી થોડા ભાગમાં જ ખ્યાલ આવવા માંડ્યો કે આ તો કંઈક જુદું જ થઈ રહ્યું છે. શરૂઆતના ત્રણ-ચાર ભાગ પોતાના વિશે લખવાનો સ્વાભાવિક સંકોચ હતો. આત્મશ્લાઘામાં સરી પડાય તે સંભાવના પણ ખરી. એટલે થોડા ભાગ દીપક સોલિયાને અને બીરેન કોઠારીને વંચાવીને પોસ્ટ કરતો હતો. પણ પછી સ્વરૂપ મનમાં બેસી ગયું અને પત્રકારત્વની સફર તરીકે એ ઠર્યું. ગુરુ રજનીકુમાર પંડ્યાએ શરૂઆતમાં વાજબી રીતે ટપાર્યો હતો કે 'તારે આત્મકથા લખવાની હજુ વાર નથી?' મેં તેમની સાથે સંમતિ વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'વાર જ છે--અને લખીશ કે નહીં, એ પણ ખબર નથી. આ આત્મકથા નથી. પત્રકારત્વની સફરની વાત છે, જેમાં કેન્દ્રસ્થાને હું બેશક છું, પણ ઘણી વાતો પત્રકારત્વની આવશે.' થોડા ભાગ પછી રજનીભાઈએ તેમની શંકા પાછી ખેંચી અને ત્યારથી તે શ્રેણી વાંચીને પ્રસન્નતા વ્યક્ત કરતા રહ્યા છે. આ શ્રેણી વાંચનાર અને અડધેથી જેમનો સાથ છૂટી ગયો એવાં બે નામની યાદ શ્રેણી પૂરી કરતી વખતે તીવ્રપણે સાલે છે. આશિષ કક્કડ નિયમિત વાંચતા અને પ્રેમ-આનંદ વ્યક્ત કરતા હતા. તે ફક્ત શ્રેણીના જ નહીં, જીવનના અધરસ્તે અચાનક સાથ છોડીને ચાલ્યા ગયા. તેમની વિદાય બહુ વસમી લાગી છે. દુનિયાદારી આગળ જોઈને જીવતાં શીખવાડી દે છે. પણ કક્કડ ન હોવાનો અહેસાસ હજુ ઘણી વાર આંખ અને મન ભીનાં કરી જાય છે. શરૂઆતમાં થોડા ભાગ લખ્યા પછી 'સાર્થક જલસો'નું કામ શરૂ થયું, એટલે શ્રેણી લખવામાં ઝોલ પડ્યો. ત્યારે જયંત મેઘાણીનો શ્રેણી વિશે પૃચ્છા કરતો ટેક્સ્ટ મૅસેજ આવ્યો. તે વાંચીને મને પણ સુખદ નવાઈ લાગી હતી. જયંતભાઈની તો ઉંમર થઈ હતી, છતાં તે જ્યારે જાય ત્યારે વહેલા ગયાનો અહેસાસ કરાવે એવા હતા.

બીજાં ઘણાં મિત્રો-વડીલો ચંદુભાઈ મહેરિયા, પિયૂષભાઈ પંડ્યા, હેતલ દેસાઈ, છાયા ત્રિવેદી, સંતોષકુમાર કેડિયા, જગદીશભાઈ ઠાકુર, ઉત્કંઠા ધોળકિયા, નંદિતા મુનિ, જીતેન્દ્ર મૅકવાન, અનિલ રાવલ, અમિત જોષી, કિરણ જોષી, રાજન દેસાઈ અને બીજાં પરિચિતો-જેમને મળ્યો નથી એવા વાંચનાર મિત્રો, જેમનાં નામ અહીં લખી શક્યો નથી—તે સૌ પત્રકારત્વની સફરમાં સામેલ થયાં, કેટલાકે મને લખવા માટે સતત પ્રોત્સાહિત કર્યો. તેમની સૌની લાગણી માથે ચડાવું છું. આ શ્રેણીમાં જરૂરી લાગે ત્યાં સુધારાવધારા અને ઉમેરા કરીને આવતા વર્ષની શરૂઆત સુધીમાં તેનું પુસ્તક પ્રગટ કરવાનો વિચાર છે. પુસ્તકમાં પત્રકારત્વમાં શી રીતે આવ્યો, એ વિશેના એકાદ વધારાના લેખ ઉપરાંત શરૂઆતના ભાગોમાં લખાણનું સ્વરૂપ નક્કી ન થયું ત્યાં સુધી થોડું સરખું કરવાનું થશે. તે કરીશ. લખાણ ઉપરાંત ભરપૂર દશ્યસામગ્રી અને તસવીરો સાથેનું આ પુસ્તક ગુજરાતી પત્રકારત્વના ૨૦૦મા વર્ષે આવશે તે એક સુખદ યોગાનુયોગ બની રહેશે.

.ઉર્વીશ કોઠારી

# વિપક્ષી નેતાના વર્ચ્યુઅલ લોક દરબારમાં ૩૦ મિનીટમાં ૨૩ ફરિયાદો નોંધાઈ

રાજકોટ મહાનગરપાલિકા પાલિકાના વિરોધપક્ષના નેતા શ્રીમતી ભાનુબેન સોરાણી દ્વારા રાજકોટ શહેરના નાગરિકોના લોકપ્રશ્નો અને ફરિયાદો જુલાઈ માસના દર ગુરુવારે વર્ચ્યુઅલ લોકદરબાર યોજી રાજકોટ શહેરની પ્રજાના પ્રશ્નોને ઉકેલવા માટે કાર્ય કરી રહ્યા છે જેમાં આજરોજ તા.૨૨/૦૭/૨૦૨૧ ના ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વર્ચ્યુઅલ લોકદરબાર યોજાયો હતો આ લોકદરબારને રાજકોટ શહેરના નાગરિકોનો જબ્બર પ્રતિસાદ મળ્યો હતો અને રાજકોટ શહેરના નાગરિકો બહોળી સંખ્યામાં જોડાયા હતા અને ફક્ત ૩૦ મિનીટમાં જ ૨૩ અલગ અલગ પ્રકારની ફરિયાદો નોંધાવી હતી.

આ ફરિયાદોમાં પીવાના પાણીની ની ફરિયાદો વધુ પ્રમાણમાં નોંધાઈ છે રોડ-રસ્તામાં ખાડા, ટ્રાફિક સમસ્યા , ટોલ ફ્રિ નંબર ની સેવા ચાલુ કરવી, ઢોર નો ત્રાસ, કચરા ના ઢગલા, ટીપરવાન સમયસર નથી આવતી, વોંકળા સફાઈ, ફ્રી વાઈફાઈ યોજનાનો લાભ મળતો નથી, મેઈન રોડ પર વરસાદી પાણી છોડે છે , સ્પોર્ટ્સ સંકુલ બનાવવા સહિતની અલગ અલગ પ્રકારની કુલ ૨૩ ફરિયાદો રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા શ્રીમતી ભાનુબેન સોરાણીના વર્ચ્યુઅલ લોકદરબારમાં નોંધાઈ છે.

વધુમાં શ્રીમતી ભાનુબેન સોરાણીએ જણાવ્યું છે કે નગરજનો અમોને http://bit.ly/CLP_RMC ઓનલાઈન ડેસ્ક ઉપર વધુમાં વધુ ફરિયાદો લોક પ્રશ્નો નોંધાવે તેવી જાહેરજનતાને અપીલ કરી છે, તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટે જણાવ્યું છે.

# શ્રી ઈન્દ્રમાણા અમીઝરા વાસુપૂજ્ય જીવરક્ષા અભિયાન આયોજિત ગામેગામ પંખીઘર ચબુતરા

ચબુતરો ભારતની એક આકર્ષક પરંપરા છે, ભારતમાં તે ઠેર—ઠેર જોવા મળે છે. ગુજરાતનાં ગામડામાં વચ્ચોવચ તેમજ રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ આ પરંપરા નજરે પડે છે. ટાવર જેવા ઉંચા મિનારા જેવું બાંધકામ, ઉપરનાં ભાગે પક્ષીઓને માળા બાંધવા માટેના મોટા હોલ (કાંણા) અને તેની તરત નીચે પક્ષીને ચણ ખાવા માટે મિનારાની ફરતે ગોળ છાજલી. મોટા હોલમાં કબુતર અને ચકલા માળો બાંધી શકે અને બચ્ચાં મૂકી શકે એવી વ્યવસ્થા હોય છે. એક પિલર ઉપર અને કેટલાક ચબુતરા ચાર પિલર ઉપર પણ બનેલા જોવા મળે છે. ઠેઠ નીચે ઓટલો બનાવાયો હોય છે જેના પર બેસી ગામનાં લોકો ટોળટપ્પાં માર્યા કરે છે. અહીં કોઈપણ પ્રકારનાં પક્ષી આવીને ચણ ચણીને ઉડી જાય છે. આ ચબુતરો એ વાતનો સંકેત આપે છે કે પક્ષીઓને ચણવા માટે મુક્ત જગ્યા આપવી જોઈએ. જગતનાં સર્વ જીવોનાં કલ્યાણની ભાવનાથી શ્રી ઈન્દ્રમાણા અમીઝરા વાસુપૂજ્ય જીવરક્ષા અભિયાન અંતર્ગત ૬- વર્ષ પહેલા ગામે ગામ પંખીઘર ચબુતરા બનાવવાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પથ્થરમાં બનાવેલ અલગ-અલગ ૯ થી ૧૦ ડિઝાઈનો અભિયાન દ્વારા બનાવવામાં આવી. આ અભિયાનમાં જેમ જેમ દાનેશ્વરી દાતાઓ મળતા ગયા તેમતેમ દાનેશ્વરી દાતાઓ અને ૧૩૦ સભ્યોનાં સાથ સહકારથી અત્યાર સુધી પર પંખીઘર ચબુતરા તૈયાર થઈ ગયા છે અને તે સિવાય ૯ પંખીઘર-ચબુતરાનું કાર્ય ચાલુ છે. આ પંખીઘરોની અંદર ૬૦ ઘરોથી ૬૦૦ ઘર સુધીનાં પંખીઘર બનાવવામાં આવે છે. જેમાં હજારો પંખીઓ રહી શકે તે રીતે તેમને અલગ-અલગ પ્રાઈવેટ ફ્લેટ આપવામાં આવે છે. હવા-ઉજાસ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.અભિયાન દ્વારા તે સિવાય પાંજરાપોળ વિકાસનાં પણ કાર્યો કરવામાં આવે છે. હાલમાં જ સાંચોર પાસે રાજસ્થાન પંખીઘર ચબુતરાનું ખાતમુર્હુત કરવામાં આવ્યું. જ્યાં પંખીઓના ૬૦૦ ઘરનું વિશાળ પંખીઘર-ચબુતરો બનાવવામાં આવશે ત્યારબાદ સાંગલી (મહારાષ્ટ્ર) ખાતે પંખીઓનાં ૨૦૦ ઘરનું પંખીઘર ચબુતરો બનાવવામાં આવશે. જો તમે પણ તમારા ગામમાં તમારી કે તમારા સ્વજનોની યાદમાં એક પંખીઘર ચબૂતરો બનાવવા ઈચ્છતા હોય તો આ અંગે વિશેષ માહિતી માટે અલ્પેશભાઈ (મો.-૯૭૨૫૫૯૭૭૦૧), વસંતભાઈ(મો.-૯૮૨૫૮૬૬૮૩૧) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વર્ષાઋતુ દરમિયાન શું કાળજી રાખવી અને શું કરવું- ના કરવું તે અંગે આયુષ નિયામકશ્રીનું માર્ગદર્શન

કોઈપણ ઋતુના સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે આ સમયે બિમાર થવાની શક્યતાઓ પણ વધી જાય છે ત્યારે ખાસ કરીને વર્ષાઋતુ દરમિયાન શું કાળજી રાખવી જોઈએ અને શું કરવું-શું ના કરવું એ સંદર્ભે આયુષ નિયામકશ્રી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે જેને અનુસરી રોગમુકત રહેવા સૌને અનુરોધ પણ કરાયો છે.

આયુષ નિયામકશ્રીની કચેરી દ્વારા જણાવ્યારનુસાર ભારતીય સંસ્કૃતિ મુજબ ચાતુર્માસની શરૂઆત થઈ ગઈ છે, એટલે કે સામાન્ય ભાષામાં ચોમાસાની ઋતુની શરૂઆત થઈ છે. વરસાદની આ ઋતુમાં વાતાવરણ મનમોહક હોય છે પણ આજ સમય હોય છે કે જેમાં નાની મોટી બિમારીના લીધે દવાખાના ઉભરાતા હોય છે, જેનું સાચું કારણ વર્ષાઋતુમાં શું શું કરવું તેની યોગ્ય જાણકારીનો અભાવ હોય છે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની આયુષ કચેરી દ્વારા વર્ષાઋતુમાં શું ખાવું? શું ન ખાવું એ માટે જાણકારી આપતમં જણાવાયું છે કે, આ ઋતુમાં પાચન શક્તિ નબળી પડે છે. વાદળો અને ભેજને કારણે શરીરમાં અસંતુલન થાય છે, જેના લીધે રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થાય છે, સામાન્ય રીતે આપણે ખોરાકમાં કાયમ લેતાં હોઈએ તે ખોરાક આ ઋતુમાં પણ લઈએ છીએ, પરંતુ વર્ષાઋતુમાં પાચનશક્તિ નબળી હોવાના લીધે ખોરાકને બરાબર પચાવી ના શકવાને કારણે વિવિધ નાની- મોટી બિમારી અને સમસ્યાઓ ઊભી થાય છે.

એટલે જ મોટાભાગના ધાર્મિક તહેવારો-ઉપવાસ- નિયમો આ ચાર મહીનામાં જ આવે છે, અને ઉપવાસ અને અન્ય નિયમોના લીધે આપણે સંસ્કૃતિના પાલનની સાથે સાથે આપણી તંદુરસ્તીની પણ જાળવણી કરી લઈએ છીએ

અત્યારે આમ તો ચોમાસાની શરૂઆત હોવાથી આ સમય ઋતુસંધિકાળ ગણાય એટલે કોઈપણ ઋતુ સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે. અને આ સમયે બિમાર થવાની શક્યતાઓ વધી જાય છે

તો આ સમયે શું કરવું ???

ચોમાસામાં તંદુરસ્ત રહેવા માટે બહારનો ખોરાક, મેંદા વાળો ખોરાક જેમ કે પિત્ઝા, પાંઉભાજી, દાબેલી વગેરે અને વાસી ખોરાક ન ખાવાં. જયારે પાણી ઉકાળીને પીવું.

હળદર એ એન્ટિ-ઈન્ફલેમેટરી ગુણધર્મ ધરાવે છે એટલે આયુષ મંત્રાલય, ભારત સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ એક ચમચી હળદર રોજ રાત્રે ગરમ દૂધ સાથે લેવી અથવા હળદરવાળું દુધ પીવું જયારે તુલસીનાં ૧૦-૧૨ પાંદડાં અને ચપટી સૂંઠ સાથેનો ઉકાળો પીવો.

સાકર, સંચળ, મરી નાંખીને બનાવેલ તાજા લીબુંનું શરબત રોજ પી શકાય કારણ કે લીબુંથી પાચનશકિતમાં વધારો થશે અને લીબુમાં વિટામિન સી હોવાથી તે આપણી રોગપ્રતિકારક શક્તિને જાળવી રાખવામાં મદદ કરે છે.

આ અંગે વધુ માહિતી માટે ગુજરાત સરકારની આયુષની website https://ayush.gujarat.gov.in/ પર મુલાકાત લઈને રોગમુકત રહેવા અપીલ કરવામાં આવી છે.

## રાષ્ટ્રીય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત

# ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ જી.આઇ.ડી.સી. ખાતે રક્ત પિત્તના રોગનોસર્વેકરાયો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય નિર્મૂલન કાર્યક્રમ ચાલી રહ્યો છે. જે અંતર્ગત તાજેતરમાં કલોલ તાલુકાની છત્રાલ જી.આઇ.ડી.સી. ખાતે રક્તપત્તિના રોગનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં રક્તપત્તિના લક્ષણો ધરાવતા ૫ શંકાસ્પદ વ્યક્તિઓ મળી આવ્યા હતા. જેઓની તપાસના અંતે એક કેસ પોઝિટીવ આવ્યો હતો. જેમની સારવાર શરૂ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૨ રક્તપત્તિના કેસ છે, જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી ડાૅ. દિપક પટેલે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી ડાૅ. દિપક પટેલે વધુમાં જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓને વધુ સધન બનાવવામાં આવી રહી છે. સરકાર દ્વારા રક્તપત્તિને નાબૂદ કરવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. હાલમાં રક્તપિત્તના કેસ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જેથી સમાજમાં છુપાયેલ આવા રક્તપત્તિના કેસ શોધવા માટે જિલ્લા ક્ષય કેન્દ્ર, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય નિર્મૂલન કાર્યક્રમ અંતગર્ત રક્તપત્તિના રોગનો સર્વે કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત કલોલ તાલુકાના છત્રાલ જી.આઇ.ડી.સી વિસ્તાર જિલ્લા રક્તપત્તિ વિભાગના કર્મચારીઓ અને પાનસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા રક્તપત્તિના રોગનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વે દરમ્યાન રક્તપિત્તના લક્ષણો ધરાવતા ૫ શંકાસ્પદ કેસ મળ્યા હતા. જેમની જરૂરી મેડિકલ તપાસ કરતા એક રક્તપિત્તનો કેસ મળ્યો હતો. જેમની હાલમાં સારવાર ચાલુ છે. રક્તપિત્તના દર્દીમાં શરીર ઉપર કોઈ પણ જગ્યાએ ચાઠુ સીધું કે ઉપસેલું, આંખોની ભ્રમર ખરી જવી, ચામડી ચળકાટ થઈ જવી, કાનની બૂટજાડી થઈજવી, સંવેદનાનો અભાવ, ચાલતા ચાલતા પગના ચપલની કળી જવા,અલ્સર થવું અને શરીર ઉપર નાની નાની ગાંઠોથવી જેવા લક્ષણો જોવા મળે છે.

રક્તપત્તિના સર્વેમાં છત્રાલ વિસ્તારમાં આવેલી કંપનીમાં કામ કરતા ૨૦૦થી વધ ુકામદારોને રક્તપિત્તના લક્ષણોવિશે માહિતી મેળવવામાં આવી હતી. જેમાંથી પાંચ શંકાસ્પદ કેસ જોવા મળ્યા હતા.હજુ આવિસ્તારની કંપનીમાં આરોગ્ય સ્ટાફ દ્રારા સર્વે કરવામા ંઆવશે.રાષ્ટ્રીયરક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત સારવારમાં મુકાયેલ દર્દીન ેમલ્ટીડ્રગથેરાપી (MDT) દ્વારા તેમજ અલ્સરવાળાદર્દીઓ માટે અલ્સરકીટ અને MCR(માઈક્રોસેલ્યુલરરબર) આપવામાંઅ ાવેછે. તેવું જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી ડાૅ. દિપક પટેલે જણાવ્યું છે.

# જુનાગઢ પોલીસ પરીવાર તેમજ ગઢવી સમાજનું ગૌરવ



શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ ની એમ.એસ.સી.માઈક્રો બાયોલોજી ની લેવાયેલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંકે મેઘા સંજયકુમાર ગઢવી ઉતીર્ણ થઈ ગોલ્ડ મેડલ મેળવેલ છે. તા.૨૧/૦૭/૨૦૨૧ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા યોજવામાં આવેલ પદવીદાન સમારોહમાં માન.મુખ્ય મંત્રી શ્રી ની ઉપસ્થિતિમાં ગઢવી મેઘા ને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ. મેઘા ગઢવી પ્રથમ થી જ અભ્યાસમાં ખુબ તેજસ્વી પ્રતિભા ધરાવે છે અને ધોરણ ૧ થી એમ.એસ.સી. સુધી ફર્સ્ટ કલાસ વિથ ડીસ્ટ્રીકશન પાસ થયેલ છે. તેમના ઘણાં આર્ટીકલો ઈન્ટરનેશનલ જરનલમાં પ્રસિધ્ધ થયેલ છે. એમ.એસ.સી. અભ્યાસ દરમ્યાન તેઓએ જી-સેટ ની પરીક્ષા પાસ કરેલ છે. ગઢવી મેઘા ના પિતા સંજયકુમાર હિમંતદાન ગઢવી જુનાગઢ પોલીસ બેડામાં એ.એસ.આઇ. તરીકે નાયબ પોલીસ અધિક્ષક જુનાગઢની કચેરીમાં ફરજ બજાવતા હોય તેઓની પુત્રી એ મેળવેલ જવલંત સફળતા બદલ સમગ્ર જુનાગઢ જીલ્લા પોલીસ પરીવાર તેમજ ગઢવી સમાજનુ ગૌરવ વધારેલ છે. તસવીર અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર



ફરી પાછું ગઢડા ગોપીનાથજી મંદિર વ્યભિચાર બાબતે વિવાદ માં આવ્યું છે..દેવ મંદિર ના પૂર્વ પૂજારી,પાર્ષદસર્વોપરી ગૌશાળા ના સંચાલક સહિત ની ટોળકી એ એક મહિલા ને શરીર સંબંધ બાંધવા મજબૂર કરીને બ્લેકમેઇલ કર્યા નો કિસ્સો બહાર આવ્યો છે જે બાબતે મહિલાએ ગઢડા પોલીસ સ્ટેશન ફરિયાદ કરી છે..

## અરવલ્લીમાં કરૂણ ઘટના...!!

# મહિલા LRDએ ક્વાર્ટરમાં આપઘાત કર્યો, ભિલોડા પોલીસ સ્ટાફ આઘાતમાં

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા અનેક અધિકારીઓ અને કર્મચારીઓએ અગમ્ય કારણોસર આત્મહત્યાનો માર્ગ અપનાવી રહ્યા છે ત્યારે વધુ એક મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી છે અરવલ્લી જીલ્લાના ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મંગુબેન નીનામાએ ગળેફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી લેતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું મહિલા પોલીસકર્મીના પતી સ્ટેટ રિઝર્વ પોલીસમાં ફરજ બજાવી રહ્યા છે મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી લેતા ભિલોડા પોલીસ સહીત જીલ્લા પોલીસબેડામાં શોકનો માહોલ છવાયો હતો

ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા એલઆરડી અને ચૂનાખાણના મંગુબેન ગોપાળભાઈ નીનામા પોલીસકર્મીએ પોલીસલાઈનના ક્વાર્ટર્સમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી લેતા જીલ્લા પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ અને ભિલોડા પીઆઈ સહીત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલા પોલીસકર્મીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મહિલા પોલીસકર્મી આત્મહત્યા કરવાનું કારણ અકબંધ છે

ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અન્ય મહિલા પોલીસકર્મીઓના જણાવ્યા અનુસાર મંગુબેન નિનામા મહેનતુ અને મળતાવળા સ્વભાવના હતા તેમજ હંમેશા ખુશ રહેતા હતા અન્ય મહિલા પોલીસકર્મીઓ સાથે ટૂંકગાળામાં આત્મીયતા કેળવી લીધી હતી

ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મીએ કેમ આવું પગલું ભર્યું,તેણીએ કોઈ સુસાઈડ નોટ લખી છે કે કેમ સહીત ઉંડાણપૂર્વક પોલીસે તપાસ હાથધરી છે

# ભેમાપુર ગામે બે પુત્રોના ઝગડામાં વચ્ચે પડેલી માતાને ઈજાઓ થતા સારવાર પછી મોત નિપજતાં ચકચાર

અરવલ્લી બ્યુરો મઠવાસ

. મેઘરજ તાલુકાના ભેમાપુર ગામે એક મહિલાના બે પુત્રો અંદર-અંદર ઝગડો કરતા હોવાની સાથે ભાઈઓની બબાલે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પુત્રોના ઝગડાઓ અટકાવવા વચ્ચે પડેલ માતાને ક્રોધમાં અંધ બનેલ પુત્રએ લાકડીના ઘા ઝીંકતા માતા ઢળી પડતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડી સારવાર કરાવી ઘરે લાવતા હતા ત્યારે અચાનક માતાનું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી બે પુત્રોની બબાલમાં માતાનું મોત થતા લોકોએ બંને કપાતર પુત્રો સામે ફીટકાર વરસાવી હતી મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ભેમાપુર ગામે પ્રતાપ રૂપાભાઈ કટારા અને ભરત રૂપાભાઈ કટારા નામના બંને ભાઈઓ અંદર અંદર ઝગડો કરતા હોવાથી ઘરમાં રહેલ માતા મોંઘી બહેને બંને ભાઈઓ વચ્ચે ઝગડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલા બંને ભાઈઓને અંદર-અંદર શું કામ બબાલ કરો છો શાંતિથી કેમ રહેતા નથી બને ભાઈઓના ઝગડો અટકાવવા વચ્ચે પડતા મોંઘીબેન કટારાના હાથે પ્રતાપ નામના પુત્રએ લાકડીના ફટકા મારતા વૃદ્ધ માતા ઈજાગ્રસ્ત થતા તાબડતોડ ભરતભાઈ અને અન્ય લોકો સારવાર કરાવવા દવાખાને ખસેડ્યા હતા સારવાર કરાવ્યા પછી અચાનક મહિલાનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી બે પુત્રોના ઝગડામાં મહિલા ઈજાગ્રસ્ત થતા મોતને ભેટી હોવાની જાણ મેઘરજ પોલીસને થતા તાબડતોડ ભેમાપુર ગામે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# માણાવદરના રસાલા ડેમના દરવાજા તોડનારાઓ સામે પોલીસ ફરિયાદ કરવા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



માણાવદર પંથકની જીવાદોરી સમાન અને હજારો ખેડૂતોને આશીર્વાદરૂપ બનેલ બાટવા રોડ ઉપર આવેલ રાજાશાહી વખતનો રસાલા ડેમના કોઈએ દરવાજા તોડી નાખી છલોછલ ભરાયેલ ડેમને તળિયાઝાટક કરી નાખતા લોકોમાં રોષ ફેલાયો છે.આ અંગે આજરોજ માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિએ માણાવદર મામલતદારને એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે ગત ૧૭મી તારીખે માણાવદરમાં અનરાધાર વરસાદ પડયો હતો ગ્રામીણ વિસ્તારોમાં તો પાંચ - છ ઈંચ જેવો વરસાદ પડતાં તેનું પાણી રસાલા ડેમ માં જમા થયું હતું. પરંતુ વિકાસને નામે કોઈએ તેના દરવાજા તોડી નાખતા ડેમ ખાલી થઈ ગયો છે હવે આસપાસના ખેતરોના તથા ગામના અને શહેરના દાર- કૂવામાં પાણી આવશે નહીં.

રિવરફ્રન્ટને નામે વિનાશકારી પગલું ભરાયુ હોવાનું લોકો કહી રહ્યા છે ૨૦ કરોડ આસપાસ ની રકમનો રિવરફ્રન્ટ મંજૂર થયો છે પણ તેનું કામ ચાલુ થયેલ નથી માત્ર સાફ-સફાઈ ચાલે છે કાંઠા ઉપર આવેલી પેશકદમી પણ દૂર કરેલ નથી તો શા માટે ડેમના દરવાજા તોડી નાખવામાં આવ્યા? શા માટે નપાણીયા માણાવદર ને પાણી મળ્યા પછી પણ છીનવી લેવામાં આવ્યું? આ ડેમ સિંચાઈ વિભાગ જૂનાગઢ હસ્તક આવેલ છે આ ડેમના દરવાજા તોડવા બાબતે સિંચાઈ વિભાગ જુનાગઢ ની મંજૂરી લીધી છે ખરી? આ તપાસનો વિષય છે માણાવદરની જનતા પાણી માટે ૩૦ વર્ષથી વલખા મારી રહી છે અને ઉપરથી આવું કૃત્ય કરી લોકોનું પાણી છીનવનારાઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરી તથા ડેમના દરવાજા ફરી ફીટ કરવા માણાવદર તાલુકા કોંગ્રેસ તથા હજારો લોકોએ માંગણી કરી છે ભાજપ શું કરે છે તેમના તરફ લોકોની મીટ મંડાઇ છે. આવેદનપત્ર આપતી વેળાએ માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી, શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકીયા, જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ દિલીપભાઈ જસાણી, તાલુકા પંચાયતના સદસ્ય ધર્મેન્દ્રભાઈ બોરખતરીયા, ખેડૂત આગેવાન વિનુભાઈ માણાવદરીયા, પિયુષભાઈ પરસાણીયા વગેરે ઉપસ્થિત રહીને માણાવદર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું

તસવીર અહેવાલ-જીગ્નેશ પટેલ માણાવદર

# મોટર સાયકલની સીરીઝ GJ-01-VM માટે ઈ-ઓકશન

આર.ટી.ઓ., અમદાવાદ કચેરી દ્વારા મોટરીંગ પબ્લિકની સગવડતા માટે પસંદગીના નંબર માટે ય્ત્ન-૦૧- ફ્ન ની સિરિઝ પુરી થનાર છે તેથી નવી ફ્સ સિરિઝ માટે નંબરોની ફાળવણી ઓનલાઇન ઈ-ઓક્શનથી શરૂ કરવામાં આવનાર છે. વાહન માલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી HTTP:// parivahan.gov.in/fancy પર રજિસ્ટ્રેશન કરી બીડીગમાં ભાગ લઈ ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે. તા.૦૧-૦૮-૨૦૨૧ થી તા.૩-૦૮-૨૦૨૧ સુધી ઈ-ઓક્શન માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાના રહેશે. ઈ-ઓક્શનની શરૂઆત તા.૦૪/૦૮/૨૦૨૧ થી ૦૬/૦૮/૨૦૨૧ સુધી રહેશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઈસ્કોન મંદિર અયોધ્યા દ્વારા ડૉ ગુલાબચંદ પટેલ ગીતા ડિપ્લોમા પરીક્ષા પાસ

ઈસ્કોન મંદિર અયોધ્યા દ્વારા ઑન લાઈન ગીતા ડિપ્લોમા અભ્યાસ તારીખ ૨૧ જૂન ૨૦૨૧ ના રોજ ૧૮ દિવસ મા ૧૮ અધ્યાય નો કોર્સ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક ડૉ. ગુલાબચંદ પટેલ જોડાયા હતા. આ કોર્સ ની પરીક્ષા ઑન લાઈન તારીખ ૭ જુલાઇ ૨૦૨૧ ના રોજ તેઓએ આપી હતી જેનું પરિણામ આજે અયોધ્યા ઈસ્કોન મંદિર ની વેબ સાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે.

ડૉ ગુલાબચંદ પટેલ ને આ પરીક્ષા માં ઉત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા છે. ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આ અગાઉ આઈ આઈ ટી ગાંધી નગર દ્વારા ફ્રેંચ ભાષા ની તાલીમ લઈ પરીક્ષા પાસ કરી હતી. શ્રી પટેલ ગાંધી નગર નું ગૌરવ છે. તેઓ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર ના પ્રમુખ છે તથા ઇંડિયન લાયન્સ ગાંધી નગર સ્વર્ણિમ કલબ માં ઉપ પ્રમુખ ના હોદ્દા પર સામાજિક સેવાઓ આપી છે. તેઓને સામાજિક કાર્યકર તરીકે ૧ ૦૦ થી વધુ સમ્માન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદાન કરવામાં આવ્યા છે. તથા સાહિત્ય માટે ૩૦૦ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માન પ્રાપ્ત થયા છે. તેઓને પ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી રાજકુમાર જૈન રાજન અકોલા તથા ગોઢનિયા કૉલેજ પોરબંદર ના પ્રિન્સિપાલ ડૉ ઈશ્વર ભાઈ ભરડા સાહેબ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



ડૉ ગુલાબચંદ પટેલ

## ગૌચર-ખરાબાની જમીનનો ય વેપાર

# ભાજપ સરકારે ૧૩.૪૩ કરોડ ચો.મી. ખરાબા-ગૌચરની જમીન વેચી દીધી

અમદાવાદ ,બુધવાર

સુપ્રિમકોર્ટનો આદેશ છેકે, ગૌચરની જમીન વેચી શકાય નહી તેમ છતાંય ગુજરાતમાં તેનો કોઇ અમલ થતો નથી. ખુદ સરકારે કબૂલ્યુ છેકે, છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે પડતર, ખરાબા અને ગૌચરની કુલ મળીને ૧૩,૪૩,૭૧,૪૦૧ ચો.મી જમીન ભાડે જ નહીં,વેચાણથી આપી દીધી છે.

## કોર્ટનો આદેશ હોવા છતાંય ગૌચરની જમીનનું વેચાણ , રાજ્યમાં ગૌચરની જમીન ઘટી રહી છે

વિધાનસભામાં વિપક્ષે સવાલ ઉઠાવતા સરકારે એ વાતનો સ્વિકાર કર્યો કે, રાજ્યના ૧૮ જીલ્લાઓમાંથી ગૌચર,સરકારી પડતર અને ખરાબાની જમીનો ભાડેથી અને વેચાણથી આપી દેવામાં આવી છે. સૌથી વધુ ભાવનગર જિલ્લામાં ૪,૪૧,૯૧,૯૦૬ ચોમી ,જામનગરમાં ૩,૮૬,૧૮,૯૮૫ ચોમી ,મોરબીમાં ૨,૮૮,૮૫,૬૪૨ ચોમી ,અમદાવાદમાં ૧,૫૦,૧૭,૩૦૧ ચોમી જમીન ભાડે અને વેચાણથી આપી દેવામાં આવી છે. મહેસાણા,જૂનાગઢ,દાહોદ ,આણંજદ, ગીર સોમનાથ અને રાજકોટમાં ય આ જ પ્રકારે જમીનો વેચાણ અને ભાડેથી આપી દેવાઇ છે. એક બાજુ ,ગૌચરની જમીન ઘટતી જાય છે. પશુઓ માટે ચરિયાણ રહ્યુ નથી. ગૌચર ,સરકારી પડતર અને ખરાબાની જમીન પર દબાણો થતા જાય છે ત્યારે સરકાર જમીનો ખુલ્લી કરાવાને બદલે હયાત ગૌચર-ખરાબાને વેચી રહી છે.

## હિંમતનગર ખાતે યોજાયલ પ્રેક્ટીકલ પરીક્ષામાં ભારે ગેરરીતીનો આક્ષેપ

# UGVCL : વિદ્યુત સહાયકની પોલ કલાઈમબીગ પરીક્ષામાં પોલમ પોલ

ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ (ય્ઈમ્)નું ખાનગીકરણ થયા પછી ખાનગી કંપનીઓ ભરતી પ્રક્રિયામાં કૌભાંડ આચરી બેરોજગાર યુવાનો સામે અન્યાય કરી રહી હોવાની બૂમો છાસવારે પડતી રહે છે.ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ કંપનીમાં જુનીયર આ.એંજીનીયર, ક્લાર્કની ભરતીમાં નોકરી માટે રીતસરના કાવડિયા બોલતા હોવાની ચર્ચાએ ચકચાર મચાવી હતી ત્યારે વિદ્યુત સહાયકની પ્રેક્ટીકલ પરીક્ષામાં પણ ભારે ગેરરીતી આચરવામાં આવી હોવાની બૂમો ઉઠી છે એક અરજદાર યુવકે તો વિજીલન્સ દ્વારા સમગ્ર પ્રેક્ટીકલ ભરતી પ્રક્રિયાની તપાસ કરવામાં આવેતો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય તેવું આત્મવિશ્વાસ સાથે ભાર પૂર્વક જણાવ્યું હતું

યુજીવીસીએલની વધુ એક ભરતી પ્રક્રિયામાં અન્યાય થયો હોવાની બૂમો ઉઠી રહી છે યુજીવીસીએલ દ્વારા વિદ્યુત સહાયકની જાહેરાત બહાર પાડવામાં આવી છે જેમાં પોલ કલાઈમર્બીંગ તરીકે લેવાતી પ્રેક્ટીકલ પરીક્ષામાં ભારે ગેરરીતી આચરવામાં આવી હોવાનો આક્ષેપ અનેક અરજદારોએ કર્યો છે જેમાં હિંમતનગર વર્તુળ દ્વારા લેવાયેલ પોલ કલાઈમબીગ પરીક્ષામાં પોલ પર નીયત કરેલ સમયમર્યાદામાં અરજદારો ચઢી ગયા હોવા છતાં નાપાસ કરવામાં આવ્યા હોવાની સાથે વધુ સમય દર્શાવી ઓછા માર્ક આપી તેમજ પરીક્ષા લેનાર અધિકારીઓએ તેમના મળતિયા યુવકોને પોલ પર ચઢવા માટે બીજો પ્રયત્ન પણ આપવામાં આવ્યો હોવાનો એક અરજદારે આક્ષેપ કર્યો છે સમગ્ર પ્રેક્ટીકલ પરીક્ષાની વીડિયોગ્રાફીનું હેડ ઓફિસ દ્વારા તપાસ કરવામાં આવેતો મસમોટું કૌભાંડ બહાર આવી શકે છે

હિંમતનગર સર્કલ ઓફિસ દ્વારા થોડા સમય અગાઉ યુજીવીસીએલની પોલ કલાઈમબીગ પરીક્ષા યોજાઈ હતી જેમાં ધવલ કુમાર જે પ્રણામી નામના યુવકે પ્રેક્ટીકલ પરીક્ષામાં હાજર રહી સમયમર્યાદામાં પોલ પર ચઢી ગયો હોવા છતાં તેને નાપાસ કરતા આઘાતમાં સરી પડ્યો હતો આખરે યુવાને અન્યાય થયો હોવાનો અહેસાસ થતા હિંમતનગર વર્તુળ કચેરીના જવાબદાર અધિકારીઓને લેખીત રજુઆત કરતા અને વીડિયોગ્રાફી જોવાંની માંગ કરતા અધિકારીઓએ યુવકને મહેસાણા હેડ ઓફિસે ધક્કો મારતા યુવક હક્કની લડાઈ માટે મહેસાણા હેડ ઓફિસ એમડીને રજુઆત કરવા પહોંચતા એમડીનો સંપર્ક ન થતા અન્ય અધિકારીએ યુવકની રજુઆત સાંભળી હિંમતનગર વર્તુળ કચેરીના અધિકારીઓ સાથે વાત કરી હિંમતનગર વિડીયોગ્રાફી જોવા મળશેનું જણાવતા યુવક હાલ વીડિયોગ્રાફી અને ન્યાયની માફક ફંગોળાઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. ધવલ પ્રણામી નામના પરીક્ષાર્થીના જણાવ્યા અનુસાર યુજીવીસીએલની વિધુત સહાયકની પ્રેક્ટીકલ પરીક્ષામાં પોલ પર નિયમાનુસાર હું પોલ પર ૨૦ સેકેંડમાં ચઢી ગયો હોવા છતાં મને અગમ્ય કારણોસર નપાસ કરવામાં આવ્યો છે તેમજ નિયમાનુસાર પ્રેક્ટીકલ પરીક્ષામાં પોલ પર ચઢાવામા પ્રથમ પ્રયત્નમાં નિષ્ફળ રહેનાર પરીક્ષાર્થી નાપાસ જાહેર કરવામાં આવે છે તેમ છતાં કેટલાક યુવકોને બીજો પ્રયત્ન આપવામાં આવ્યો હતો ત્યારે નિયમનું ઉલ્લઘંન કરી જવાબદાર અધિકારીઓએ પ્રેક્ટીકલ પરીક્ષામાં ગેરરીતિ આચરી હોવાનો અહેસાસ અનુભવી રહ્યો હોવાથી રજુઆત માટે દરદર ભટકી રહ્યો છું પોલ કલાઈમર્બીંગ પરીક્ષામાં કરાતી વિડીયોગ્રાફીનું હાર્ડ ડીસ્કમાં થયેલ રેકોર્ડિંગની ચકાસણી કરવામાં આવે તો અનેક અધિકારીઓના પગ તળે રેલો આવી શકે છે નું ભાર પૂર્વક જણાવ્યું હતું અને આ રીતે ૧૦ થી વધુ યુવકો સામે અન્યાય થયો હોવાથી આગામી સમયમાં સમગ્ર ભરતી પ્રક્રિયાને કાયદાકીય રીતે પડકારવાનું આયોજન કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.